# અતીતના પડઘા

- જીવાભાઈ પ્રજાપતિ

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

મહાવીર માર્ગ,

આણંદ

Book's name in English : **Atit na Padgha**

Jivabhai Prajapati



પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬

પ્રત - ૫૦૦

મૂલ્ય રૂા.

પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

મહાવીર માર્ગ,

આણંદ

VISIT…

LANZAROTE
Caliente.COM




**એકલવાયા**

**સૂમસામ જીવનની**

**ઘોર હતાશાઓ વચ્ચે**

**સદૈવ પ્રેમામૃત વર્ષાવી**

**હૂંફાળો સાથ અને સહકાર અર્પતા**

**શ્રી. અરવિંદ પ્રજાપતિ**

**(નડિયાદ) ને સપ્રેમ.....**

**- જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'**

## પૂર્વકથન

માનવજીવન ઈશ્વરદત્ત અમૂલ્ય સોગાત છે. માયામાં ભટકતો જીવ મહામૂલા દેહમાં પૂરાઈ કોણ જાણે કેમ હંમેશ કરવા જેવાં અને ક્યારેક ન કરવા જેવાં સારાં નરસાં કાર્યો કરાવી અંતે સર્વના કર્તાહર્તા ભગવાનનું ધાર્યું થાય છે એમ સૌ કોઈ નિઃશંકપણે સ્વીકારી લે છે એ બાબત કેટલી સઘન અને સ્વાભાવિક છે એનું પિષ્ટપેષણ કરવું યોગ્ય નથી. અનેક તર્કવિતર્ક કરતું મન જયાં ત્યાં રવડી માનવને કેવી વિભિન્ન અને અવનવી અનુભૂતિ કરાવે છે એ અગમ્ય ઘટના અશબ્દસ્થરૂપે વિદ્યમાન હોય છે. વિવિધવિચાર વ્યાપાર કરતું મન ઋજુ ઉરતંત્રને હચમચાવી નાખે છે ત્યારે એમાંથી પ્રસ્ફુટ થતી નાજુક ઊર્મિઓનો પ્રસંગોપાત્ યથાતથ ભાવ અંતે સુયોગ્ય શબ્દનો મુલાયમ કાવ્યકલાઘાટ ધારણ કરી અનેક ગોપનીય વિસ્મયો રસિકજન સમક્ષ એકાએક પ્રગટ કરી દે છે એ પણ એક પ્રકારની અદ્‌ભુત કલાપ્રસાદી છે એમ કહેવું મારે મન કશું જ અનુચિત નથી.

કાવ્યસર્જન કંઈ આસાન ખેલ નથી એ તો ઈશ્વરદત્ત કૃપા છે. સ્વકીય અને પરકીય અનુભૂતિ એના પર્યાપ્ત પરિમાણમાં કલાત્મક બની સર્વત્ર અને સર્વદા વિસ્તરતી રહે એથી વધુ રૂડું શું હોઈ શકે ? કાળના વહેતા પ્રવાહમાં સાંપ્રત ઘટનાઓ ઝીલી એને શબ્દસ્થ કરતાં અંતે અતીતને પામી પ્રગટતો ધ્વનિ પડઘારૂપે જ સર્વત્ર વિસ્તરવાનો એમાં કશી નવાઈ નથી.

ઊર્મિઓનો ધોધ વહેતો મૃદુ ઉરમાં;
ને ધ્વનિ પડઘાય છે ચારકોર હજી.

'અતીતના પડઘા' કાવ્યસંગ્રહમાંથી માણવા જેવી કેટલીક મધુર કાવ્યપંક્તિઓ હું અત્રે અવતરિત કરું છું.

(૧૭) રંગાઈ જાશું - 'શ્વાસોચ્છ્વાસ સામ સામે ખુદ હોડે છે.'
(૩૨) ખમૈયા કર - 'જન્મ મરણ અનિવાર્ય હેરોફેરો છે.'
(૫૦) છબિ જોતાં - 'આ રગરગ હરશ્વાસ ને ધડકનમાં વ્હેતી તું.'
(૮૬) પર્વત - 'વૃક્ષડાળે લટકે સૂરજ.'
(૯૩) એવું બને - 'આંખમાં આંખ પરોવાય એવું બને.'

મારે મારી વિભિન્ન વિષયવસ્તુને અનુલક્ષીને રચાયેલી કવિતાઓ વિશે ઝાઝું કંઈ કહેવું નથી. આમાં સમાવિષ્ટ પ્રત્યેક કૃતિને પૃથકરીતે આંખ, કાન, મુખ, અને હૃદયથી અનુભાવનપૂર્વક સમગ્રતયા માણવા જતાં એમાં અનુસ્યૂત ઉત્કૃષ્ટ કાવ્યતત્ત્વને સ્વયં કાવ્યકૃતિઓ જ સુગમતાથી યથાતથ પરખાવી દેશે એમાં લવલેશ શંકા નથી.

મધુર કાવ્યરસપાન કરવાની ક્ષમતા ધરાવતો મનપસંદ કાવ્યસંગ્રહ 'અતીતના પડઘા' પ્રગટ કરી આપસૌના કરકમળમાં મૂકતાં હું આનંદની લાગણી અનુભવું છું.

આ કાવ્યસંગ્રહ સૌ વાચકમિત્રો અવશ્ય આવકારશે એવી હું અભિલાષા સેવું છું.

આને પુસ્તકાકારે પ્રગટ કરવા હૂંફાળો સાથ અને સહકાર આપવા બદલ **એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ**નો હું ખૂબ ઋણી છું.

ભવદીય,
- જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'

**જીવાભાઈ જે. પ્રજાપતિ**
**મુ.પો. કડાછલા - ૩૮૮ ૨૭૦**
**ઠે. પ્રજાપતિ નિવાસ**
**તા. લુણાવાડા, જિ. પંચમહાલ**

## અનુક્રમણિકા




## અનુક્રમણિકા

## અનુક્રમણિકા




## અનુક્રમણિકા

## અનુક્રમણિકા



## લેખકનાં પ્રકાશનો

૧. કલરવ (મુક્તક સંગ્રહ)
૨. શેર અને જોક્સ
૩. ઋણાનુબંધ (વાર્તા સંગ્રહ)
૪. બે વાર્તા
૫. અમૃતામૃત (લેખસંગ્રહ)
૬. શકુંતલા (નાટ્યકૃતિ)
૭. સરદારની જીવન ઝરમર (નાટ્યકૃતિ)
૮. વસંતના ટહુકા (કાવ્યસંગ્રહ)
૯. સ્મૃતિનિનાદ (કાવ્યસંગ્રહ)
૧૦. અતીતના પડઘા (કાવ્યસંગ્રહ)

## (૧) હેલારે

મધદરિયે મોજાં વચ્ચે ઓચિંતી ઉતારે
પળમાં નૌકા ડૂબી ગઈ ઓચિંતી કિનારે

મેઘખચિત ચાંદ ગાઢ તિમિર વેરે છે
પ્રકાશપુંજ રેલાવ્યો ઓચિંતો સિતારે

લોહદરવાજો ફટાફટ બંધ કીધો
ગોળીબાર ચલાવ્યો ઓચિંતો મિનારે

ફાટફાટ જોબન ખૂબ ગમગીન છે
હૃદય વારી ગયું ઓચિંતું ઈશારે

પરોઢે હતી જે રોમાંચક વનશ્રી
ઉરસ્પર્શિત થૈ વાના ઓચિંતા હેલારે

કોણ જાણે કેમ સોપો પડી ગયો ?
સાંજે કોલાહલ મચાવ્યો ઓચિંતો કેદારે

પ્રેમાતુર આંખો પરસ્પર પેખે છે
ઉરદર્દ પરખાય છે ઓચિંતું દીદારે



## (૨) પ્રેમ

એક
રસિક ને સ્વરૂપવાન યુવતીએ
કોઈ અલમસ્ત યુવકની
હંમેશની ટેવ જોઈને
આજ પૂરેપૂરી હિંમતથી
તદ્દ્ન સાફ શબ્દોમાં સુણાવ્યું

તું જતાં આવતાં
માનવભીડવાળા માર્ગે
આમ વારંવાર મળવા ઉત્સુક બની
દૂરથી એકીટશે જોઈ
મને શામાટે નાહક હેરાન કરે છે ?
બોલ
તું સહેજપણ શરમાયા વિના
મારી પાસેથી તને જે ઈચ્છિત હોય
તે હાલ નિઃશંક માગી લે
આ સાંભળી
ક્ષણનાય વિલંબ વિના
નૂતન આશ્ચર્યવચ્ચે
પેલા યુવકના મ્લાન મુખમાંથી
એકાએક હિંમતપૂર્વક ઢાઈ અક્ષરનો શબ્દ
સરી પડ્યો
પ્રેમ

## (૩) જોવા જેવી થઈ

અરસપરસ સ્નેહે વરતાં જોવા જેવી થઈ
એકબીજાને હૃદય ધરતાં જોવા જેવી થઈ

પ્રેમવિહ્વળ ઉર મિલનકાજે ઝંખે છે
વેગે હરણફાળ ભરતાં જોવા જેવી થઈ

સાંકડી શેરીમાં વારંવાર આવજા કરે છે
મિથ્યા પ્રેમાલાપ કરતાં જોવા જેવી થઈ

સામસામે તાકીને તારામૈત્રક રચે છે
ઉગ્ર વિરહાગ્નિમાં જલતાં જોવા જેવી થઈ

ભાનાભાનમાં પ્રત્યેકપળ વસમી સરે છે
આંખે ચોધાર અશ્રુ ખરતાં જોવા જેવી થઈ

પરસ્પર સહવાસ વિના સાવ સૂનકાર છે
શીઘ્ર મિલનમાટે ભમતાં જોવા જેવી થઈ

આ દારુણ વસમી વેળાએ કેમ કરી જીવાશે ?
પ્રેમાવેશે સહસા મળતાં જોવા જેવી થઈ



## (૪) દારૂ પી જાય પછી

દારૂડિયો દારૂ પી જાય પછી
પોતે બેભાનાવસ્થામાં પાગલ બની જાય છે
રાજાધિરાજનો સ્વાંગ સજી
માખીની જેમ બણબણે છે સતત અસ્પષ્ટ વાણી
ખખડે છે ભોંય પર બેત્રણ ખાલી બોટલો ને પ્યાલીઓ
સાવસમીપ સુણાય છે પરિચિતોના શબ્દોની ફેંકાફેંક
કિચૂડકિચૂડ મંદ અવાજ કરતા કોલાની જેમ
ઉડે છે છાતી પર આળોટતાં ક્ષુધાર્તબાળની ચીસાચીસ
ચૂલે માટીના કલાડા પર સ્વયં વનિતા રોટલા ઘડે છે
તડતડ અવાજે પ્રજળે છે ધીમે પવનગંધી હુતાશન
બોખી હાંડીમાંથી પ્રસરે છે ચોપાસ માંસની દુર્વાસ
રખડતું ગંદુશ્વાન હાંફતું ગૃહે પ્રવેશી મુખ સૂંઘે છે
કાનબૂચી ભીરુ બિલ્લી તાકતી ધીમે ઘૂરકિયાં કરે છે
ગંદી ગટરની જેમ ગંધાતો દીસે છે એનો શરીરકોઠો
અસલ બેહોશીની ઝાંય વર્તાય છે સૂકા ચહેરા પર
વારાફરતી મનગમતી પેગ પર પેગ પીધા પછી
કોઈ ખાસકારણસર શેરીમાં ઝઘડતા ટોળાની જેમ
અધ્ધર અવકાશમાં થાય છે અપશબ્દોની ઊડાઊડ
દીર્ઘકાળથી પાણીમાં સડતા કોઈ શુષ્ક લાકડાની જેમ
ઘર આખું અત્યંત દારિદ્રયથી પીડાય છે

## (૫) થયા કરે

થનાર અવશ્ય થયા કરે
મનનું મનમાં રહ્યા કરે

પ્રથમ દૃષ્ટિ મળતાં પરસ્પર
પ્રેમના પવન વાયા કરે

શાયરની કવિતલવરીમાં
લાગણીનો ધોધ વહ્યા કરે

વસંતે આમ્રકુંજની મંજરીમાં
મસ્તીમાં કોયલ ગાયા કરે

શીતકાળે લતાતરુ વનરાજીમાં
શીતસમીર સૂસવાયા કરે

ઊષ્ણકાળમાં તપ્ત ધરાતલે
વાવંટોળ ફૂંકાયા કરે

વર્ષાકાળે સરિતજળે છલોછલ
મહાસાગર લહેરાયા કરે

મનમરકટની કૂદાકૂદમાં
વિચારતરંગ સર્યા કરે

સૌ નાશવંત જીવનલીલામાં
જન્મમરણ ફેરા ખાયા કરે



## (૬) તારા બારણે

મારા ડાકોરવાળા નાથ મારો ઝાલી લેજો હાથ
હું આવ્યો છું દુઃખિયારો તારા બારણે, હો દર્શન કારણે
મેં ભરી છે તને બાથ નહીં છોડું તારો સાથ
હું ખોબોભરી ફૂલ લાવ્યો છું તારા બારણે, હો દર્શન કારણે
હું ઘણાં વર્ષોથી રાહ તારી જોતો
દર્શનકાજે હું રાતદિન રોતો
મારે તારો છે આધાર મને ઉતારો ભવપાર
હું વેગે દોડી આવ્યો છું તારા બારણે, હો દર્શન કારણે
તને છોડી હું બીજે ક્યાં જાઉ ?
ભાવભીનો પ્રસાદ હું ધરાવું
મારી રાખજે તું લાજ તારા શરણે આવ્યો આજ
હું ભક્તિભાવે ભીંજાયો છું તારા બારણે, હો દર્શન કારણે
તારા દરવાજે નોબત વાગે
એનો શબ્દ ગગનમાં ગાજે
તમે કીધાં ભક્તોનાં કાજ દર્શન દો ઓ, દીનાનાથ !
હું ખરારંગે રંગાયો છું તારા બારણે, હો દર્શન કારણે

## (૭) ચકલી

ચીચી કરતી ચકલી
ઘરઘર ફરતી ચકલી

મુખે નાનું તરણું લૈ
નીડ રચતી ચકલી

આમ ફરકે તેમ ફરકે
વ્યોમે સરતી ચકલી

છે નાજુક પાંખે જોમ ઘણું
પિચ્છ વેરતી ચકલી

ચાંચે ચણ મૂકી હોંશે
અધ્ધર ઉડતી ચકલી

વક્રનયને નાજુક ડોકે
જગ નીરખતી ચકલી

ધાડાંરૂપે ઉતરી મોલે
કણ ચરતી ચકલી

ધૂળમાં રગદોળી કાયા
પાવન થતી ચકલી

નિત ઘરના ટોડલે બેસી
થાક હરતી ચકલી



## (૮) પીંખાતો માળો

મુક્તમને
સ્વેચ્છાએ ઊંચે
ગગને વિહરતા
ભયાનક બાજથી
પીંખાતા માળાનાં પંખીઓ
આપઆપમાં
ખૂબ ઝઘડતાં હતાં

## (૯) મેં પછડાટ ખાધી છે

પ્રણયપંથે વિહરતાં મેં પછડાટ ખાધી છે
નિત છાનામાના મળતાં મેં પછડાટ ખાધી છે.

છેક મંજિલે પહોંચવા હૈયે હામ ધરી છે
સ્થિર પગ ડગમગતાં મેં પછડાટ ખાધી છે

હંમેશ પ્રશ્ન પજવે છે અંગતવાત કરવી કોને ?
મિલનકાજ ટળવળતાં મેં પછડાટ ખાધી છે

પ્રતિદિન મીટ માંડતાં માર્ગ સાવસૂનો છે
હરશહેરગામે ગોતતાં મેં પછડાટ ખાધી છે

જોગાનજોગ મળતાં શો વાણી વ્યવહાર કરું ?
અગમ્ય કંઈક બબડતાં મેં પછડાટ ખાધી છે

એકલપંડે જીવવાનું બદનસીબ લખીશ મા
કંટકપંથે ડગ ભરતાં મેં પછડાટ ખાધી છે

હવે પળવારમાં એમ કહેતાં કયારે કૃપા થશે ?
ભવાટવીમાં ભટકતાં મેં પછડાટ ખાધી છે



## (૧૦) વર્ષારાણીને

વિહ્‌વળ ધરતીના અંતસ્તલે ઉડતી અગન છોળો
પુનિત પગલે પધારી અવ અંગઅંગ ઝબોળો
માઝા મૂકી ગગનગોખે વરસે છે અગનગોળો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો

તીખા વાયરાનો વેગે મચે અહીં તરખાટ
સૂનકારે સળવળી ઊઠે છે સૂકીસૂની વાટ
રઘવાટે હણહણાટ દોડે વાયરાનો વેગવંત ઘોડો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો

ઉમ્રભરની સાહેલીનાં સખીપણાં શું તૂટ્યાં ?
અદીઠ વીજના અંતરમાં તેજપુંજ શું ખૂટ્યાં ?
વરણાગી વીજના ચમકારા હળવે રહી ઢંઢોળો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો

દેવમંદિરમાં ઝાલર બજે બજે નોબતડંકા
નભે ગર્જનના અભાવે શું નિર્બળમેઘ થયા બંકા ?
મેઘમલ્હારે પંખી થાક્યાં મૌનનું આવરણ તોડો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો

વલખાં મારતી સૂની વાટ ધરતીને રગદોળે
ચારો ચરવા ઘાસનું ફૂટવું પ્રાણી નજરે કેં ખોળે
ખાલીખમ ભેંકાર ભરેલો છે સૂનો અવનીખોળો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો

સૂના વગડાના અજંપે કાં મોર ન કલશોરે ?
ભીંજવી દો અંતરને મારા ઝરમર છાંટના જોરે
હરખે જળહેલી વરસાવો હું છું કાગળ જેવો કોરો
વર્ષારાણી ! છોડી રૂસણાં ઝટપટ વેગે દોડો



## (૧૧) આરતી

આરતી ઉતારો માની આરતી ઉતારો
ધીરેધીરે અંબેમાની આરતી ઉતારો

આશાભર્યો હું આવ્યો છું તારા દ્વારે
નૈયા ઝૂકાવી છે માડી તારા સહારે
માડી ! મને મારો કે પછી તમે તારો - આરતી.

વિષાદનાં વાદળોથી ચારેકોર ઘેરાયો
એટલે માડી આજે તારી પાસ આવ્યો
માડી ! લો ઉતારી મારા દુઃખનો ભારો - આરતી.

અંતરે મા તારા નામનો દીવો મેં પ્રગટાવ્યો
શ્રધ્ધાનું પૂરી તેલ જયોતે ઝગમગાવ્યો
માડી ! દયા કરી મને જલદી ઉગારો - આરતી.

જોજે ખાલી જાય ના ફોગટ ફેરો મારો
તું છે મારી માડી ને હું છું બાળ તારો
માડી ! હવે મને ભવપાર ઉતારો - આરતી.

માયા ને મમતાના મહામહેલો મેં રચ્યા છે
વેર દગો દંભ હજી મનમાં પણ વસ્યાં છે
માડી ! નથી મારે ઉગરવાનો આરો - આરતી.

પાપનાં પોટલાં ઘણાં ગાંઠે મેં બાંધ્યાં છે
દિલ ઘણાં તોડ્યાં છે ને થોડાંક સાંધ્યાં છે
માડી ! મારું મન હવે ભક્તિમાં વારો - આરતી.

સ્વાર્થના સંબંધો મને ઘેરી વળ્યા છે
કોઈ નથી કોઈનું ખાલી ભેગા અહીં મળ્યા છે
માડી ! મને બાળ આજે કહીને પોકારો - આરતી.

ભટકીભટકીને ભવે ભૂલો હું પડ્યો છું
એટલે તો તારાધામે પાછો વળ્યો છું
માડી ! તારા ચરણોમાં હવે મને ધારો - આરતી.



## (૧૨) ડાઘ

હે વહાલમ !
તમે પ્રાણાધિક છો તો હું તમારી પ્રેમાધિક છું
આપણે પરસ્પર ભેદભાવ ભૂલી
અભેદમાં સદા રાચીએ તો સારું કહેવાય
હું મારા સ્વરૂપવાન નાજુક દેહે
તદ્દન સ્વચ્છ વસ્ત્ર પરિધાનકરી યથેચ્છ આમતેમ વિહરું
તો શું તમે કંઈ ખચકાટ અનુભવો ખરા ?
હું તમારા રૂપાળા દેહને ઢાંકતા ગંદા વસ્ત્રે
જકડાયેલ મલિન ડાઘ કાળજીપૂર્વક મહાયત્ને ધોવા મથું
તોપણ સ્વલ્પ ધોઈ શકું એમ છું
એ વ્હેતા સમયની વિચ્છિન્ન ક્ષણ
મારા મૃદુ હૈયાને સતત કોરી ખાય છે
તો સદંતર સ્નેહે ઝબોળાયેલ
તમારો કોમળ અંતરસ્થિત મલિનડાઘ નિર્મૂળ કરવા
હું સદૈવ અસમર્થ છું

## (૧૩) ભાળમાં

હું જ ખોવાયો છું મારી ભાળમાં
મળવું શક્ય ના ઓળખાણમાં

ભોજને કૈં સ્વાદ આજ છૂટ્યો નહિ
લૂણની ઉણપ હતી જરા દાળમાં

ઢીંચણે ઢોળાવ હું ચડી ગયો
કૃપાનું કરણ ભળેલું ઢાળમાં

કૈં મનનું મારણ મળે ના એટલે
મત્સ્ય થઈ તરફડે છે જાળમાં

આજ મંજિલ હાથવેંત લાગી જશે
હું દોડતો'તો ફાળમાં ને ફાળમાં



## (૧૪) ઓળખો

જગસ્થિત સાચાસાચ ઓળખો
પ્રસરેલ તથ્યાતથ્ય ઓળખો

નિત સૂરજનો સોનેરી તડકો
ગગનગોખથી ધરા પર પ્રસરી
પલકપલમાં અછતો થાય

કોમળ પાંદે વસેલ ઓસબિંદુ
વ્હેલા પરોઢે ત્વરાથી પ્રસરી
પલકપલમાં અદ્રશ્ય થાય

વનવગડાનો ફૂંકાતો વાયરો
મંદમંદ શીત લ્હેરે વિહરી
પલકપલમાં અસત થાય

સમગ્ર અસ્તિત્વનો માનવપિંડ
જગના હરખૂણે વિસ્તરી
પલકપલમાં ઓસરી જાય

હરપળ આંતરડોકિયું કરી
ભારે મનોમંથન બાદ
પરાયા સત્ત્વને જાણી
સ્વકીય સત્ત્વને પારખી
શું શું હયાત છે બંનેમાં ?
શું શું હયાત નથી ઉભયમાં ?
એ ઉચ્ચકોટિનો અભેદ કેળવી
માનવદાનવનો ભેદ સમજી
સત્યં શીવં સુંદરમ્ ઓળખો
પહેલાં પંડને પિછાની
પછી પરાયાને ઓળખો

## (૧૫) તારું શું થશે ?

પળમાં જીવન વહી જશે, તારું શું થશે ?
આશા ઉરે રહી જશે, તારું શું થશે ?
ભરજુવાનીમાં તેં એળે ગુમાવી
હૈયે ધૂન માની ન લગાવી
ઉરે પસ્તાવો રહી જશે, તારું શું થશે ?
અરમાન અધૂરાં રહી જશે, તારું શું થશે ?
કામક્રોધ લોભમોહે ફસાયો
કીધી છળયુક્તિ કદી ન ફાવ્યો
કાયા કૃશ થઈ જશે, તારું શું થશે ?
દેહ ખાખ થઈ જશે, તારું શું થશે ?
કદી ન ફસાતો મોહક રૂપરંગમાં
દુઃખનો દરિયો ઉછળે છે જગમાં
ભેદભરમ ભાંગી જશે, તારું શું થશે ?
મા નામે ભવ તરી જશે, તારું શું થશે ?



## (૧૬) ભીમના પુનઃજન્મની આવશ્યક્તા

આજકાલ
દ્રૌપદીની લાજ લૂંટાય છે ભરચોક
ન્યાયાલયોના બહેરા કાને
પહોંચી નથી શકતી
એની મૂંગી વ્યથાઓ
શેહશરમમાં દબાયેલા ખેંચાયેલા
ભીષ્મપિતામહ સમા ન્યાયાધીશોના
જડપથ્થર દિલને પીગળાવી શકતી નથી
એની આર્તનાદી ચીસો
ન્યાયાલયોની મૂંગી દીવાલો
કમકમી બોલી ઊઠી છે
આજના દુઃશાસનોને સંહારવા
આ સિતમગારી અવની પર
હવે પાકી ગયો છે
ભીમનો
પુનઃ જન્મ થવાનો સમય

## (૧૭) રંગાઈ જાશું

પ્રણયના પાકા રંગે રંગાઈ જાશું
પ્રેમરસથી આકંઠ છીપાઈ જાશું

છે જીવનપર્યંત સહવાસનો વસવસો
મિથ્યા હઠાગ્રહે ઘડીમાં રીસાઈ જાશું

હોઠે સુમધુર સ્મિતસરવાણી વહે છે
ઠઠ્ઠામશ્કરીમાં સહસા ખીજાઈ જાશું

એકાએક મુખે ઉપાલંભ સરી પડ્યો
મૂરઝાતા મુખે સહેજે વીલાઈ જાશું

શ્વાસોચ્છ્વાસ સામસામે ખુદ હોડે છે
શુકર છે પ્રણયરાગમાં રોળાઈ જાશું

પટપટતી પાંપણે મીટનું મંડાણ છે
બહેતર છે એકમેકમાં ખોવાઈ જાશું



## (૧૮) આવી છું તું

જિંદગીની અંતિમપળે ફૂલ લઈ આવી છું તું
એક મધુરી પ્રેમની યાદ લઈ આવી છું તું

એક છેડો સ્નેહનો છે વિસ્તરે શેરી સુધી
છેક બચપણની મિષ્ટવાત લઈ આવી છું તું

છે સદા ઉદાસીન મ્લાન તવ મુખડુ
આજ અતીતકાળનું હાસ્ય લઈ આવી છું તું

આ મારા અંતરે શ્યામઘન શો અંધાર છે
નિતરતી ચાંદનીનું રૂપ લઈ આવી છું તું

ખૂબ ઠાઠમાઠથી મારી નનામી નીકળશે
અંતિમ સંદેશ કૈં ખાસ લઈ આવી છું તું

એક જીવનપંથના રાહ સાવ અલગ હતા
આમ વખતસર નિયતઠામ લઈ આવી છું તું

આજીવન તવ પ્રેમનો પ્યાસો હતો, પ્યાસો હતો
સ્નેહ છલોછલ હાથમાં જામ લઈ આવી છું તું.

## (૧૯) ધબકતું જીવન

હું
મારા અણિયાળા નાકે
બહાર બેફામ શ્વાસ ફેંકતાં
તું તારા નાજુક નાકે
અંદર ધીમે શ્વાસ ખેંચતાં
એમ હૂંફાળા ને ઊષ્માસભર
શ્વાસોચ્છ્વાસની આપલેમાં
આપણા બંનેનું ચેતનવંતુ જીવન
પળપળ ઓર ધબકે છે



## (૨૦) સ્મશાનમાં

ડાઘુઓ કાંધે લઈ નનામી
તારા શબને સ્મશાનમાં
મ્લાન વદને અગ્નિદાહ કરે છે
ત્યારે દોસ્ત ! તારી પૂર્વોક્તિ
સહસા મને યાદ આવે છે
અવ ગામ ફૂટતી ધાણીની જેમ
છિન્નભિન્ન થઈ
કદી એકમુઠ્ઠીમાં રહેશે નહિ
સ્ત્રીનાં શીલ ને પુરુષનાં માનપાન સચવાશે નહિ
જનસમુદાયમાં પરસ્પર પ્રેમ સંપ ને સહકાર રહેશે નહિ
પ્રજાની પ્રગતિ દિનપ્રતિદિન અવનત થશે
સત્તામદમાં ચકચૂર બનેલ માંધાતાઓ
દોષિતને હૈયાધારણ આપી
નિર્દોષને સખત રંજાડશે
મંદિર પર ધજા કોણ ફરકાવશે ?
સારા ગામનું રક્ષણ કોણ કરશે ?
એ દુર્નિવાર ચિંતામાં
અહીં ધગધગતી ચિતામાં
તું અત્યારે મારી સમક્ષ સર્વાંગે બળી રહ્યો છું
એમ હું પણ હાલ ચિંતાગ્નિમાં જલી રહ્યો છું

## (૨૧) છાપો માર્યો

અડ્ડા પર ઓચિંતો છાપો માર્યો
લાજ લૂંટાતાં ગળે ગળાપો માર્યો

કળજુગની છે અળવીતરી કર્મકથા
શુભ પ્રસંગે પીઠ પર થાપો માર્યો

હતી લાધવાની મંજિલ હાથવેંતમાં
કર્મસંજોગે નજદીકથી કાપો માર્યો

સૌંદર્યમય દશ્યો વિકૃતતાથી જોતાં
આંખે જડબેસલાક અંધાપો માર્યો

ભગવાનને ભક્તની શી નિસ્બત છે ?
જીવન ટકાવવા ગાઢ ઝુરાપો માર્યો



## (૨૨) એ જ નિરધાર

માયિક ગાઢ દંડકારણ્યમાં સંચરતાં દૂર
લલચાવતા હેમમૃગનો સતત પીછો કરતાં
વધી જતા અંતરથી આમતેમ અદૃશ્ય થતાં ત્રસ્ત
ભાઈભીડ ભારે હરપળે રામના ઉરે સાલતી
ઈત્યલમ્ સુતીક્ષ્ણશરે વીંધાતાં મુખથી વ્હેતા
પર્ણકુટિમાં વાયુવેગે ધસી આવતા છદ્મશબ્દોએ
ટેકને છાત્રવટની સુદૃઢ બનાવવા ધબાકો કર્યો
લક્ષ્મણ ! ધાજે હે લક્ષ્મણ !
ને ફાળ પડતાં તત્કાળ
સહસા પ્રયાણ આદરતાં નિનાદની દિશામાં
પ્રેમસિંચિત અનુજના હૃદયે આક્રોશ કર્યો
મરુ કે મારુ. બસ, એ જ નિરધાર

## (૨૩) બારમાસીનો છોડ

એક બારમાસીનો છોડ
મેં વાવ્યો કૂંડામાં
ખંતથી પાળી પોષી
જળસિંચી સંવર્ધિત કર્યો
નજીક જઈ પંપાળુ સાંજે
ભરબપોરે તાકી લઉં
સવારની તો વાત ન પૂછો
જોતાં જલદી હરખાઈ જઉં
વસંત આવી ચાલી પણ ગઈ
આશા દિલે ઠગારી થઈ
મેં કીધો મનમાં મનસૂબો
જડમૂળથી ઉખેડી એને
અંગઅંગ સમેટી લઈ
ફેંકું કો ઉજ્જડ ખૂણે
ધીમે અચાનક વા ફૂંકાયો
નવું જોમ ને ચેતના પ્રગટ્યાં
ત્યાં અનાયાસ રેડાઈ ગયું
જળભરેલ પાત્ર કૂંડામાં



## (૨૪) તારું નામ

વર્ષોથી
મારા તગતગતા
લાલચટક મ્હેકતા હોઠ પર
આસ્તે આસ્તે અનવરત ફરફરતું
મસ્તીથી ખુલ્લંખુલ્લા લ્હેરાતું
જાણે મખમલી પીછીથી ચીતરેલ હોય
તારું મનગમતું હુલામણું નામ !
પ્રિયે !
કદીક ચમકીલી યાદમાં ખોવાતાં
ક્યારેક સ્મરણઝરામાં ન્હાતાં
હવે બૂઝાતા અંતિમશ્વાસ સુધી
મારી આકુળવ્યાકુળ આંખોમાંથી વ્હેતી
અશ્રુની ધોધમાર તીવ્રધારથી
એને સદંતર ભૂસવું દુષ્કર છે
એને સદૈવ ભૂલવું દુષ્કર છે

## (૨૫) આવ્યો તારા દ્વાર

હું આવ્યો છું તારા દ્વાર હે મા !
બાળ તારો થઈને
તું સાંભળ મારો પોકાર હે મા !
હૃદે મારા રહીને
રાતદિન તારી રટણામાં જાગું
દે ભક્તિ મા ! અવર શું માગું ?
તું છે મારો આધાર હે મા !
નિશ્ચે તને કહીને
વેરવિખેર છે મનનો માળો
કૃપા કરી પીંખાતો ખાળો
તારી લીલાનો નહીં પાર હે મા !
કહું ધ્યાન ધરીને
જન્મોજન્મનો છું દુઃખિયારો
અબુધ છું પણ બાળ હું તારો
તું કર મારો ઉધ્ધાર હે મા !
થાક્યો દુઃખ સહીને
તું છે અનુપમ રૂપ રમણીય
તું છે અગમ્ય ને અવર્ણનીય
ગાઉ ગુણ તારા અપાર હે મા !
અંતરે તારા વસીને



## (૨૬) કન્યાઝંખના

હે વહાલમ !
એકવાર સવારે
હું કોડભરી પિયરમાં વસતાં
મિલનની તીવ્ર ઝંખનામાં
એકીશ્વાસે આગમન કરી
તમારું અભેદ્ય સાંનિધ્ય પામવાના
વિચારમંથન પછી
ખાલી ખોળાને ખૂંદાવનાર
જનક જનનીની તીવ્ર યાદ આવતાં
એકાએક મારું દિલ પોકારી ઊઠે છે
ક્રૂર મજાક કરી
અવહેલનાના સ્વાંગમાં
હું કદાપિ તમારા સહવાસની ક્ષણમાત્ર ઈચ્છા સેવીશ નહીં
બહેતર છે કે
ઢોલ ઢબૂકતા મંડપે
લીલાં તોરણોના ઝુમ્મરે
પીળું પાનેતર પહેરી
મેંદીરંગ્યા હાથે
સપ્તપદીના મંગલફેરે

સ્વજનોના આશીર્વાદ પામી
પ્રભુતામાં પગલાં માંડી
સુખદુ:ખે સમોવડી થઈ
સાચી જીવનસંગિની બની
ભવ્યજીવનના પગથારે
સદા દીર્ઘાયુષ્ય ઈચ્છતી
નવ્યસંસ્કૃતિના ગોપિત બીજને
ઊર્ધ્વમુખ કરવાની ધખનામાં
નિત સંગે ચાલી
સૂના પારણિયે મીટ માંડી
હેતે જીવવાની હામ ભરીશ
વહાલમ ! શું ઉરે સબૂર છે ?
ખરેખર એ મને કબૂલ છે



## (૨૭) વિચિત્ર વાત

વિચિત્ર છે વાત પણ કહેવાનું મન થાય છે
છે ખાલીખમ કોડીઓ વસ્તી વધારો થાય છે

આજકાલ વધી ગયું છે પરોપદેશે પાંડિત્યમ્
ગાંડીને શીખ દઈ ખુદ કયાં સાસરે જાય છે ?

ધનસત્તા સગાંવાદ પવન છે બધે વગદારનો
મૂર્ખ સોહે સિંહાસને પંડિત ધક્કા ખાય છે

એ મંચ પર ચડીને કહેશે, બે બાળકો બસ
ઘેર એમના આમતેમ દશબાર ભટકાય છે

સુણી લોકમુખે વાણી આર્તજનોને ભાળી
કરણી એવી ભરણી તારા બાપનું શું જાય છે ?

પાપીઓના ભાવ હવે જગમાં ઘણા છે ઊંચા
સજ્જનના શિરે ભરચોક માછલાં ધોવાય છે

પ્રપંચભરી દુનિયામાં જશો તમે કયાં 'પતિત' ?
જયાં જુઓ ત્યાં બધે કાળોકેર વર્તાય છે

## (૨૮) લૂંટાતા લાગે

મહામહેલે મૂંઝાતા લાગે
આમતેમ છૂપાતા લાગે

છે નેણક્યારી નેહભરેલ
ઘા ઉરે ઘૂંટાતા લાગે

છે કાગળ લખતાં કોરા
અક્ષરો ભૂસાતા લાગે

પ્રેમ અર્પતાં વારંવાર
હરઘડી લૂંટાતા લાગે

ગાઢ અંધારીરાતે નિત
દીપ પણ બૂઝાતા લાગે

આવાસે એકાંત કઠે છે
નાકે શ્વાસ ટૂંપાતા લાગે



## (૨૯) હું કરી લઉ છું આત્મહત્યા

અમીરનાં સમૃધ્ધ ઘર ત્યજી
ભિક્ષુક સમીપ ભીખ યાચુ છું
ને હું કરી લઉ છું આત્મહત્યા

સદાચરણી સાધુસંઘ ત્યજી
લૂંટારૂપાયે લળી લઉ છું
ને હું કરી લઉ છું આત્મહત્યા

જનસેવકથી મુખ મચકોડી
કામદારને કળી લઉ છું
ને હું કરી લઉ છું આત્મહત્યા

મહાઅન્નભંડારી ત્યજી
એઠવારિયાને મળી લઉ છું
ને હું કરી લઉ છું આત્મહત્યા

પરહરી સત્સોબતી સદા
શત્રુસંઘે જઈ ભળું છું
ને હું કરી લઉ છું આત્મહત્યા

## (૩૦) રંગ મને લાગ્યો ભવાનીનો

તને લળીલળી પાયે લાગું, મારી મા !
રંગ મને લાગ્યો ભવાનીનો
તને મળવા હું રાતદિન જાગું, મારી મા !
રંગ મને લાગ્યો ભવાનીનો
તારો દુઃખિયારો બાળ તને વિનવે છે
તારાં દર્શનકાજે આંખ ભીંજવે છે
તું ભક્તોની વ્હારે દોડી આવ, મારી મા!
રંગ મને લાગ્યો ભવાનીનો
હું તવ સન્મુખ અરજ ગુજારું છું
હરવા મારાં દુઃખડાં તને પોકારું છું
તારા નામ કેરી ધૂન મચાવું, મારી મા !
રંગ મને લાગ્યો ભવાનીનો
તારા શરણે નરનાર જે આવે છે
કરી ભવપાર બેડો એને ઉગારે છે
સૂના અંતરે શ્રધ્ધા જગાવ, મારી મા !
રંગ મને લાગ્યો ભવાનીનો
સિંહ પર સવાર થઈ તું આવે છે
સ્મિતભર મુખે આશિષ વહાવે છે
મને બાળ કહી હેતે પોકાર, મારી મા !
રંગ મને લાગ્યો ભવાનીનો



## (૩૧) આમ તો જુઓ

પરહરી રિસામણાં આમ તો જુઓ
મારી પ્યાસી આંખોના જામ તો જુઓ

ધરતી આભ વચ્ચે હું તને ક્યાં ગોતું ?
સદા જલતો ચિરાગ તમામ તો જુઓ

હું જીભે હંમેશ રટુ છું વાત વર્ષોથી
ક્યાં ને ક્યારે છે મિલન ? ધામ તો જુઓ

રૂપની સરવાણીઓ વહે છે ચહેરા પર
ખૂંપાતી નજરના ઠરીઠામ તો જુઓ

હું મખમલની પીછીથી તારું નામ લખુ
મારા હસ્તે કોઈ અજબ કામ તો જુઓ

તવ હસ્તીનાં તેજ આંખોમાં ચમકે છે
મુજ ઉરસ્થિત તીવ્ર દમામ તો જુઓ

## (૩૨) ખમૈયા કર

સંકટે મદદગારી કરી ખમૈયા કર
વાદળ વિપતનાં વિદારી ખમૈયા કર

આદિઅનાદિથી પરસ્પર નાતો છે
ઘટે જીવનરસ પ્રસારી ખમૈયા કર

જીવન ચડઉતરની કેડી છે
સુગમ મારગે વિહારી ખમૈયા કર

માત્ર આગમનનો આભાસ છે
મિથ્યા મોહમાયા વિસારી ખમૈયા કર

ચિત્તે રાગદ્વેષનાં જાળાં છે
હૃદે પ્રેમરસ છંટકારી ખમૈયા કરજ

જન્મમરણ અનિવાર્ય હેરોફેરો છે
ભવબેડો પાર ઉતારી ખમૈયા કર

કંચનવર્ણી કાયા કંપે છે
ભવભવનો ફેરો નકારી ખમૈયા કર



## (૩૩) જિંદગીના પંથ પર

જિંદગીના પંથ પર મિત્રો એવા મળતા રહ્યા
પીઠ પાછળ ઘા કરી નજદીકથી ભળતા રહ્યા

ગોળનું ગળપણ ભારોભાર જીભ વિશે હતું
અંતરે તો કોણજાણે કેટલું બળતા રહ્યા ?

એમની તરફેણ હું કરતો રહ્યો છું એટલે
શ્વાનની ગુલાંટ જેમ એ દંભથી ઢળતા રહ્યા

આજલગી જે કંઈ સર્વ યત્નથી મેં મેળવ્યું
એટલું એ સ્હેજમાં શ્રમ વિના રળતા રહ્યા

મિત્રતાના નામ પર ચોડી બેહૂદું કલંક
એ બધા પવનવત્ રસ્તે પછી વળતા રહ્યા

## (૩૪) પરણ્યા પછી

પરણ્યાની રાતે એકાકાર થયાં
વાંઝિયાં સમણાં સૌ સાકાર થયાં
ગાઢ અંધારે લજ્જા પણ લજાઈ ગઈ
એય બાહુપાશમાં જકડાઈ ગઈ
આંખે ઉજાગરો વર્તાતો નથી
સુંદર પાલવ સહેજ સૂકાતો નથી
ગુલાબી હોઠ ભીંજાઈ ગયા હોઠથી
કોરી લાગણીઓ ફૂટી ગઈ હોંશથી
નેત્રથી નેહનીર નિતરે
પ્રેમવારિના ઓઘ ઉરે ઉભરે
એકબે વર્ષના સ્નેહજળ છંટકાવ થતાં
દ્રવી જતાં ઉભયઉર એકમેક થયાં
પારણિયું ઝૂલે છે બહાર પ્રાંગણે
કિલ્લોલતું હેતાળ બાળ રંજને
લૈ ગોદમાં ગાલ પર ચૂમી અર્પતાં
હૃદય પ્રેમતૃપ્તિથી ભરાઈ ગયું
થતાં નેત્રનો ત્રિકોણીયો સંગ સ્હેજે
ત્યાં સહસા રચાઈ ગયો આશ્લેષ



## (૩૫) ભેટ

મેં
લીલાછમ ઉપવને પ્રવેશી
વિધવિધ રંગબેરંગી પ્રફુલ્લ ફૂલોમાંથી
ચોમેર પરિમલથી મઘમઘતું
એક મનગમતું સુમધુર ગુલાબપુષ્પ
ઉમંગભેર સ્વેચ્છાએ ચૂંટી પાછા ફરતાં
કોણ જાણે કેમ એ મારા કોમળ હાથમાં ખિલખિલાટ હસે છે ?
અનેકાનેક પ્રવૃત્તિઓથી ધમધમતા
વિશાળ અને સમૃધ્ધ શહેરની
માનવભીડવાળી ભરચક ગલીમાં
પ્રાતઃકાળે નવના સુમારે પરિભ્રમણ કરવા નીકળેલી
રૂપવતી સખીવૃંદ વચ્ચે સોહતી
એક સ્વરૂપવાન નવયૌવના યુવતીને
મેં ઉમંગભેર સ્વેચ્છાએ ચૂંટી છે
કોણ જાણે કેમ હાલ મન અહેસાસ કરે છે કે
એ મારા મૃદુ ઉરમાં જીવનપર્યંત ઉપસ્થિત રહેશે ?

અચાનક એનાં દર્શને
મારી સ્નેહોર્મિ છલકાતાં
ખુશીથી ગુલાબપુષ્પ ભેટ ધરતાં
મારા આશ્ચર્ય વચ્ચે શુભહસ્ત પ્રસારી
સાવધાનીથી સ્મિતસહ સ્વીકાર કર્યો
મોહક મુખ મલકાવી
હલો, ગુડમોર્નિંગની અવેજીમાં
'ખૂબ આભાર' એમ વચન ઉચ્ચારતી
ધીમા પગલે આગે સંચરતાં
વ્હેતી એ નાજુકક્ષણ ખરેખર ધન્ય છે



## (૩૬) નિવાસ

હું અમાસ અંધારે વસુ તું પૂનમતેજપુંજે વસે
હું રાતે સમણાં સહુ તું મોજે પુષ્પશય્યામાં સૂવે

નભથી ઉલટભેર ચાંદની તુજપર સકલરૂપ ઢોળે
કોઈ સ્વપ્નશીલ અધીર પાતળિયો જગના હરખૂણે ખોળે
કો તરંગસમ સપનું આંખે સહસા ઊડે ઝબકોળે છે
ઘેનભર આંખે હસ્ત પ્રસારી મૃદુકાયા ધીરે ઢંઢોળે છે
હું ખંડિત અવશેષે વસુ તું ઉન્નત મહેલઝરૂખે વસે
હું રણના જળઝાંઝવે વસુ તું સ્વર્ગના આવાસે વસે

નાજુકનાકના શ્વાસોચ્છ્વાસે ઉરધબકારે કોણ છે એ ?
અર્ધતંદ્રાની જાગતી ઝંખનામાં એ દેવપરી શી દિવ્ય દીસે !
બેસૂરા વીણાજંતરના સકલ તારેતાર મેં ઝંકાર્યા છે
પ્રેમની અમૂલ પારસપેટીમાં ઉભયઉર પૂરાયાં છે
હું ગગનના ગોખે વસુ તું ચાંદસૂરજ ઉજાશે વસે
હું રાતામાતા હોઠે વસુ તું સ્મિતના ફુવારે વસે

## (૩૭) નાસ્તાડીશ

સભાખંડ શ્રોતાઓથી ખીચોખીચ હતો
પુષ્પહારથી ઓપતા માનનીય પ્રમુખશ્રી સંબોધતા હતા
વિષય હતો ‘ક્ષુધાપીડિતજનો કાજે સદાવ્રતની આવશ્યકતા’

ભાષણ આસ્વાદ્ય ને અસરકારક હતું
થતા હતા સર્વત્ર તાળીઓના ગડગડાટ
ને શાબાશ શાબાશના સતત પોકાર
બેત્રણ વક્તાઓના પ્રવચનની સમાપ્તિ બાદ
સર્વને હારબંધ નાસ્તાડીશની રસલ્હાણ થતાં
છેલ્લી બેન્ચ પર હતા નાસ્તાવિહીન ત્રણચાર જન
વહે મંદ વિમાસણે એકેક ક્ષણ
બધે નાસ્તાડીશને ન્યાય આપી
સુખરૂપ ચાપાણી પીધાં
અગાધ તૃપ્તિના ઓડકાર ખાધા
ડોક ઊંચી કરી ઉન્નત શિરે
મહાશયે ફેરવી ચોપાસ ગર્વીલી નજર
ત્યાં મનમાં સહસા પ્રશ્ન ઊઠે
છે આ કેવો વિષમ વ્યવહાર !
જામે મુખ પર ક્ષોભ ને સંકોચનાં જાળાં
સમકાળે અવર ઉદરક્ષુધા ઉલ્લંઘી
માણી હોંશે નિજઉદરક્ષુધાતૃપ્તિ
આજના કાર્યની ફલશ્રુતિ સધાતાં
અંતે વિખેરાઈ સકલ સભા



## (૩૮) ગાંધીજી

પોરબંદરના ગાંધીજીને
બંદૂકની ગોળીએ વીંધી
સત્તાની ખુરસી કાજે
અવળી મતિ કીધી
સકલ દેશનો મહાત્મા
સ્વર્ગવાસી થતાં આત્મા

પ્રસર્યાં સ્વાર્થ ને પ્રપંચ
એકચક્રી ચાલે તંત્ર
એના પુનર્જન્મના સ્મરણે
ધરાના દુઃશાસનો ધ્રૂજે

આજ લોકસેવકો એને
સદા સ્વર્ગે ગોંધી
ગાંધીના નામે ગાંધી થયા છે
ભરી જેલને બદલે નિજ ઘર

કશા પરસેવા વિના
નિત પર સેવા કરે છે
બદનામ કરી ગાંધીજીને
ગજવે મેવા ભરે છે

## (૩૯) પ્રભાત

પૂર્વાકાશે ફૂટી નીકળ્યું સહસા નવ્ય પ્રભાત
આમ દીસો કાં ઉદાસ ?
પ્રિયે ! આવો મારી પાસ
ઘંટીઓ ઘનઘોર ગરજે ઘમ્મર વલોણાં થાય
પશુપંખી ચારો ચણ ચણવા ગીત મધુરાં ગાય
હળવે વ્હેતા શ્વાસમાં ખૂટવા આવી રાત
જોઉ સઘળે હું ઉજાસ
પ્રિયે ! આવો મારી પાસ
સમણાં સોડમાં લઈને સૂતાં જાગી ઊઠ્યાં નરનાર
યાદ કરે કોઈ માતપિતા કોઈ રામ કોઈ ભરથાર
ધીમે સૂની અવની પર પડે પગલાંની ભાત
ઝંખું સદૈવ હું સહવાસ
પ્રિયે ! આવો મારી પાસ
સૂનો વગડો જાગી ઊઠતાં ચેતનવંતો થાય
વાયરે વૃક્ષો ડોલી ઊઠતાં હૈયે હર્ષ ઉભરાય
હૂંફ ભરી હૈયામાં સૌ કરતાં છૂપી વાત
દીસે છે ચારેકોર આભાસ
પ્રિયે ! આવો મારી પાસ



## (૪૦) મીણ જેમ પીગળીએ

સત્કર્મ કરી સદા અમૂલ જીવન પસાર કરીએ
આશ કે નિરાશામાં નિશ્ચે સમતા ધારણ કરીએ

ડગલેને પગલે પ્રથમથી ગમ સર્વ જીરવીએ
નસીબે છે નિર્મિત હાર તે હોંશભેર સ્વીકારીએ

ભલે ઉજાડો આલિશાન મકાનોની બધી દીવાલોને
ખુશીથી એ સમારતાં નવું નગર ફરી વસાવીએ

તારી લાખ બુરાઈને બદલે માત્ર મારી ભલાઈ છે
ઊલટભેર ઊભરતાં અંતરે કદી ન વીસરીએ

આ સાવ જૂઠા જમાનામાં ક્યાંક સચ્ચાઈ છુપાઈ છે
થાકીએ શોધતાં વારંવાર છતાં કદાપિ ન પામીએ

ભલે છે મારું વજ્રહૃદય પરંતુ સ્વલ્પ મૃદુ તો છે
ઝગમગતી દીપકજ્યોતમાં મીણ જેમ પીગળીએ

બૂમ પાડી બોલાવતાં તમે મુખ મચકોડી જાઓ છો
તૂટેલ કોઈ કારણસર ઉભય ઉર પુનઃ જોડીએ

## (૪૧) ક્યાં ખોવાયા રામ ?

આજકાલ છે ભારતવર્ષે
ઠેરઠેર રામાયણ ને અયોધ્યાકાંડ
પવિત્ર રામજન્મભૂમિ
ને બાબરી મસ્જિદનો પ્રશ્ન
સર્વત્ર ઘેરેઘર ચર્ચાય
તોડફોડ તોફાનો થાય
બધે આતંકવાદ છવાય
કરફ્યુનાં દર્શન થતાં નિત
લાઠીચાર્જનો સ્વાદ મળે
જનજીવન ખોરવાઈ ગયું
પ્રજાનું નુકસાન થયું
નેતાઓનું શું ગયું ?
કંઈક વિચારો હે રાવ !
નિર્દય થયા છો શું સાવ ?
ત્યજી અટપટા દાવ
ત્વરિત ઉતારો હવે ભાવ
ક્યારે જન્મ લેશો રામ
પાર પાડવા પ્રજાનાં કામ ?
હિરણ્યકશ્યપને સંહારવા
નરસિંહરૂપે પ્રગટો હે રામ !



## (૪૨) ગદ્દાર

છે ઠેરઠેર ગદ્દાર દુનિયામાં
એક નહિ અપાર દુનિયામાં

બોલે બોલે ફૂલ ઝરે
છે સ્વયં અંગાર દુનિયામાં

વાતનું વતેસર કરે
લહે ન કૈં સાર દુનિયામાં

તૂટેલ નાના તારઝંકારે
બજવે છે સિતાર દુનિયામાં

લલના દેખી નેણ ઠરે
છે આંખે વિકાર દુનિયામાં

રચી માનવમેળા હોંશે
કરે નરસંહાર દુનિયામાં

માલમતા ધરતાં અંકે
ન માને આભાર દુનિયામાં

## (૪૩) જળતાંડવ

કૃપા કીધી કોડીલા કૃષ્ણે કરી ઉદાર લહાણી
શિરથી આળઉતારવા ધીમે સઘળે વેર્યાં પાણી

મેઘાડંબર નભે ત્રાટક્યા થૈ ગાજવીજ ને જલધારા
જાણે રુઠેલ શિવ તાંડવનૃત્યે થતા ધરતીના ધ્રૂજારા !
સકલ સાજ સજી અવની પર ઉતરે વર્ષારાણી

સરિતકાંઠે જળ છલકતાં તૂટતાં નભના બંધ
પૂરે ખાસાં ગામ તણાતાં ઉડતી લાશ કેરી દુર્ગંધ
શ્વાનગીધ ને શ્યામલ કાક ઉજવે હોંશે ઉજાણી

બજાર વચ્ચે ચોરેચૌટે શેરીમાં સળકતાં પાણી
નગરે વહેતા સલિલમધ્યે સર્વ થતું ધૂળધાણી
દીર્ઘ ધામા રચી ધાબે સૌએ મહાસજા પીછાણી

ઝાડઝાંખરાં સમૂળ ઉખડ્યાં દીસે ખાબડખૂબડ રસ્તા
જલસ્થલ વિકાર થતાં પળમાં ઉપસે નવીન નકશા
હે અકળકળાકાર ! કોઈ ન શકે તવ કૃપા પ્રમાણી



## (૪૪) ઝાંઝર ઝમકે

હોહોરે માનું ઝાંઝર ઝમકે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

માના ભાલે ટીલડી ઓપે
કાને કનકકુંડળ શોભે
ધમ ધમ રૂડી ધરતી ધમકે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

સુંદર કટિકંદોરો ઓપે
નાકે નમણી નથની શોભે
કરે કનકકંકણ ખણકે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

છે શંખ ચક્રાસિ ત્રિશૂળધારી
માને સોહે છે સિંહસવારી
શિરે મોતીમુગટ ઝબકે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

દીનદુ:ખિયાંની છે રખવાળી
સંકટે ભક્તોની વ્હારે છું આવી
કંઠે રૂડો કનકહાર ઓપે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

રાતદિન માડીના ગુણ ગાઉ
હેતે માને વારીવારી જાઉ
માના હોઠે સ્મિત રૂડું ફરકે
ઝાંઝર ઝમકે ને છમછમ રણકે

## (૪૫) લગન

પુષ્પોથી ખીચોખીચ રુડું ચમન હોય છે
પ્રેમીના પ્રણયનાં મધુર કવન હોય છે

નફ્ફટ બની હોઠ મરક મરક મલકે
ઉરે સદાકાળ જલતી અગન હોય છે

હોઠથી સરી પડે છે પ્રેમળ વેણ
કોમળ હૃદયમાં ઊડી લગન હોય છે

દીસે ચંદ્રની જેમ દિલે ડાઘ વરવો
લાલચટક ગાલે શ્યામ ખંજન હોય છે

સદીઓથી સૂરજ ઊગેઆથમે છે
અતૃપ્ત ધરાને સ્વકીય ગગન હોય છે

લો, અચાનક આવી છે પ્રણયની સવારી
ઉર પ્રેયસીનું પ્રેમભવન હોય છે



## (૪૬) તમે ચાલ્યાં પાદરમેર

માથે મૂકી રૂડી હેલ ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર
પિયુ ગયો પરદેશ ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર
પાછલી પ્હોરે ઊગતાં સૂરજ આંખે સમણાં ઝાકમઝોળ
હરપળ ધબકતું ઉર અધીરું ભીંજવે પાલવકોર
હૈયે હેતની રેલમછેલ ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર
વેરાનપંથે પડતાં પગલાં ધીમાં ઝાંઝરે ઝમઝમ શોર
આઠે પ્હોર તારા અંતરદ્વારે ટહુકે યાદના મોર
શો અજબગજબનો ખેલ ? ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર
સિંચેલ જળે સ્વચ્છ ઉપવન ખીલતાં કોયલ કરે કિલ્લોલ
લતાતરુવરે પુષ્પોની મહેકે પાનખર પડઘે અબોલ
મૂરઝાતી નાજુકવેલ ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર
દૂરક્ષિતિજે ઊડતી ન ડમરી ન અણસાર કશો એણીમેર
દીઠી હશે મૂરત કૂવા કાંઠે જળ ભરતાં ઘટે હોંશભેર
ક્યારે પહોંચશો મહેલ ? ગોરાંદે !
તમે ચાલ્યાં પાદરમેર

## (૪૭) જગન્નિયંતા

આ સંસારના સિતારનો રણકાર વાગે છે
ભળતાં  સૂર તારમાં મીઠો ઝંકાર જાગે છે

પરકલ્યાણહેતુસર કંઠે વિષ ઘોળવાં
સદા શિવમુખે સોહતી અમીધાર લાગે છે

તપે છે ત્રિવિધતાપે કોમળ કાય દહવા
જીવનવૃક્ષની છાયાનો આધાર લાગે છે

મચ્યો આશના પાશે માનવખેલ ખેલવવા
સકલ સૃષ્ટિનો સુંદર શણગાર લાગે છે

વિષઅમૃતના પ્યાલે દીધા છે રંગ ઝબકોળી
ભવભવનો એ સાચો તારણહાર લાગે છે

રણે ઝાંઝવાંજળે તૃષિત કંઠ રીઝવવા
મીઠી વીરડી સમો મદદગાર લાગે છે

ઘડે ઘાટ નભગોખે પૂરા નાચ નચવવા
એ જગન્નિયંતા ખરો કલાકાર લાગે છે

ઘૂઘવે સૃષ્ટિનો દરિયો ભરતીઓટ લાવીને
અતિ ખારો પણ પ્યારો કંઈ સાર લાગે છે



## (૪૮) દુષ્કાળ

દુષ્કાળના ઓળા ઉતરતા જાય છે
હાહાકાર સર્વત્ર વર્તાતો જાય છે

છે બધે ઘાસચારો ને પાણીની તંગી
ભૂખે ઢોરઢાંખર રીબાતાં જાય છે

દરિયે શું ખૂટી ગયાં છે પાણી ?
નભે વાદળ કોરાંકટ જણાય છે

દેખાતાં કૈંક ખેતરો લીલાંછમ
સાવ સૂકી ધરતી ઉજ્જડ દેખાય  છે

વાદળવિહીન છે નભનો સીમાડો
કૃત્રિમ વર્ષાના અખતરા થાય છે

વધે છે ભૂખમરો ને તોફાન સદૈવ
માનવ બિચારો હિઝરાતો જાય છે

ધરી હૈયે ધીરજ રાહ હજી જુઓ
ધાર્યું ધરા પર પ્રભુનું થાય છે

## (૪૯) ઝૂક્વાનું હોય છે

પ્રેમાબ્ધિમાં ડૂબવાનું હોય છે
પ્રણયપૂર છૂટવાનું હોય છે

ખોલ, ભેદભરમ તવ નખરાંનો
નયનાધારે ઝૂકવાનું હોય છે

બંધ કર બકવાશ ક્ષણમાત્રમાં
જીભને શું પૂછવાનું હોય છે ?

વેરાનપંથ કાપતાં અતિતોરમાં
એક ડગલું ચૂકવાનું હોય છે

એમ ન બેહાલ કર કારણવિના
બિંધાસ્તથી જીવવાનું હોય છે

એ ખ્યાલ છે વર્ષોના સહવાસથી
પ્રેમપંકે ખૂંપવાનું હોય છે

તારા વગર જીવનમાં તારી કસમ
ઉરદર્દ ઘૂંટવાનું હોય છે



## (૫૦) છબિ જોતાં

છબી જોતાં અજબ તારી ઉલટભેર હું ઝમતો
મોહક આંખના ઈશારે હર્ષાવેશે સદા રમતો

છે અક્ષમ્ય અપરાધો પ્રેમપંથે વિહરવાના
તવ મુખથી સરતા ઠપકાના બોલ હું ખમતો

તારી આંખનાં કામણ બેચેન ખૂબ કરતાં
ધસી આવતો નજીક ભલે ગમતો કે ન ગમતો

ન ગતાગમ કશી મને ઉરે આશ શાની છે ?
તને નખશિખ નીરખવા સૂના મારગે દમતો

આ અણજાણ રસ્તાઓ બુલંદ સાદ પાડે હજુ
તવ મિલનખ્યાલમાં હરશ્હેર શેરીમાં ભમતો

ન પરવા કરી કોઈની તુજવિણ ઓ, પ્રેમદાપ્યારી !
મુલાયમ પ્યારની કસમ તવ નજરથી નમતો

આ રગરગ હરશ્વાસ ને ધડકનમાં વ્હેતી તું
થતાં સ્મરણ ઉરમાં હરનિઃશ્વાસ મુજ શમતો

## (૫૧) તુજ વિણ

આ
અસાર સંસાર સાવ સૂનો છે
સાદ પાડી સમીપ બોલાવે મને
હરક્ષણ સમસ્ત ચેતનતત્ત્વો
શું મારા દેહના સર્વ અંગોપાંગો
નાદગ્રાહી કર્ણસમેત શિથિલ છે ?

ક્યાંથી આવે છે કર્ણપ્રિય રવ ?
કોનો આવે છે સુમધુર રવ ?
મારા ઉરના કોક અજાણખૂણે
કોણ સદૈવ સ્મરણમાં આવે ?

મારે ધરા આસમાન સમ છે
મારે સદા સૂર્યોદયાસ્ત સમ છે
મારે વનોપવનના વા સમ છે
મારે પંખીઓના રિક્ત કલબલાટ
ને તન્વંગીના મિષ્ટવેણ સમ છે

મારે શહેરગામ શેરી સમ છે
મારે વહાલાંદવલાં સમ છે
મારે સંયોગવિયોગ સમ છે
મારે ખળખળનાદે વ્હેતાં ઝરણાં
ને આંખથી ખરતાં અશ્રુ સમ છે

હાલ મારા હાલ બેહાલ છે
તુજ વિણ. હું ખાઉ છું તારા સમ



## (૫૨) ઝાઝું તો શું કહીએ ?

ઝાઝું તો શું કહીએ ? જશોદામા ! ઝાઝું તો શું કહીએ ?
કૃષ્ણ વિણ કેમ રહીએ ? જશોદામા ! કૃષ્ણ વિણ કેમ રહીએ ?

બાંધવ બળદેવનો બળિયો નિત ઠાવકું મુખ મચકોડે છે
પુત્રવત્સલનંદ નિશદિન પ્યારાબાળને મધુવને ખોળે છે
વૃંદાવનના સૂના મારગે કોઈ પુનિત પગરજ ફંફોસે છે
મધુર બંસીના સુણતાં નાદ સૌ ગોવચ્છવૃંદ ભાંભરે છે
ત્રાગું તો શું કરીએ ? જશોદામા ! ત્રાગું તો શું કરીએ ?
કૃષ્ણ વિણ કેમ રહીએ ? જશોદામા ! કૃષ્ણ વિણ કેમ રહીએ ?

કંકણ નાના સાવ નિર્લજ થૈને વનવગડે મટુકી ફોડે છે
આમતેમ ફેંકાતાં જોશે કોમળ કરનાં કંકણ તોડે છે
કલકલ નાદે વ્હેતી યમુનાતીરે કદંબડાળ પર ડોકે છે
રૂડું ગોકુળ વૃંદાવન ત્યજી ગયા છે એમ સુણીએ કહેતાં કોઈને
દુઃખે નિશદિન સ્મરીએ જશોદામા ! દુઃખે નિશદિન સ્મરીએ
કૃષ્ણ વિણ કેમ રહીએ ? જશોદામા ! કૃષ્ણ વિણ કેમ રહીએ ?

બ્હાવરી બ્હાવરી આકુળ વ્યાકુળ પ્રેમઘેલી રાધાનું શું થશે ?
સખીવૃંદ સૌ રોષે ભરાતાં અંગતરાવ તે કોને કરશે ?
માગ ગોપીઓની ભરીએ જશોદામા ! માગ ગોપીઓની ભરીએ
કૃષ્ણ વિણ કેમ રહીએ ? જશોદામા ! કૃષ્ણ વિણ કેમ રહીએ ?

## (૫૩) કોને ખબર ?

પર્વત ઊંચા રચ્યા છે કેમ, કોને ખબર ?
ખળખળ ઝરણાં વહે છે કેમ, કોને ખબર ?

શું ચંદ્રમાનાં તેજ નભે ઊણાં પડ્યાં ?
ગહન અંધારને ઉલેચવા શું અશક્ત રહ્યાં ?
ઝગમગ તારલા મઢ્યા છે કેમ, કોને ખબર ?

પૂર્વપશ્ચિમે સૂરજ નિત ઊગે આથમે
સદીઓથી ચાલી આવતી પરંપરા સાચવે
જગે ઉજાશ ઝરે છે કેમ, કોને ખબર ?

ઉછળતા મોજે નિત સાયર ઘૂઘવે
સ્થિર નાવ હંકાવતાં પવન સૂસવે
કાંઠા મરજાદે રહે છે કેમ, કોને ખબર ?

બે રસીલાં ઉર પરસ્પર ઝંખતાં
ભાવિભીતરે મ્હેલ સમણે ચણતાં
આંખે અશ્રુ દડે છે કેમ, કોને ખબર ?



## (૫૪) નીકળો

આફતમાંથી બહાર નીકળો
મિત્ર મદદગાર નીકળો

સહતાં દેહના હરજખ્મો
હૃદયમાંથી પ્યાર નીકળો

પ્રેમગલીથી આવજાવમાં
સલામતીથી પાર નીકળો

સપ્તાહની સાઠમારીમાં
મજાનો રવિવાર નીકળો

લગ્નોત્સુક યુવામેળામાં
સુસંસ્કારી નાર નીકળો

માનવંતી મહેફિલમાંથી
એકાદ તો યાર નીકળો

જીવન છે સકલ પુરાણો
ગીતાનો સાર નીકળો

## (૫૫) અખબાર

સમજુને સાનમાં હું કરું છું ઈશારો
એ જનજીવનનો છે એક સહારો

અથથી ઈતિ જનવીતક વણી લીધાં
રોક્યો છે આંખથી વ્હેતો અશ્રુફુવારો

છે શહેરસંસ્કૃતિ ને અફવાઓની વાત
છે ગ્રામ્યજીવનથી ઉભરાતાં બજારો

જુદાં રૂપરંગ ધરે છે સદા મોસમ
છે કદી પાનખર કે વસંતની બહારો

ઉકલે છે અહીં સૌની વ્યથા ને જનકથા
નિતનિત પ્રગટે નવ્ય સમાચારો



## (૫૬) દિલના દાવ

આજ અંતરપટ ખોલો
મુખેથી પ્રેમવાણી બોલો

ઝણઝણે છે પ્રેમના ઉરે તારેતાર
રૂપાંદે ! દિલના દાવ દેતાં લાગે શી વાર ?

કોમળકાયા જોજે કરમાય ના
ઓરતા કદી અધૂરા રહી જાય ના
કોરી લાગણીઓ જોજે ફૂટી જાય ના
સંયમ સ્વયં કદી તૂટી જાય ના
વિશ્વાસનો શ્વાસ જોજે ખૂટી જાય ના
મૃદુ અંતરે ધીરજ ધરો લગાતાર
રૂપાંદે ! દિલના દાવ દેતાં લાગે શી વાર ?

સૂના અંતરે કોઈ સાદ પાડે છે
વસમી વેળાએ કોઈ યાદ આવે છે
આંખે સટાક સમણું આવે છે
અગમ્ય નવ્ય સંદેશ આવે છે
કોઈ ગેબી પગરવ સુણાવે છે
આવો, સૂના આંગણે મારા જલદી લગાર
રૂપાંદે ! દિલના દાવ દેતાં લાગે શી વાર ?

## (૫૭) વિદ્યાર્થીઓને

બોલો મારા ભાઈઓ ને બોલો મારી બહેનો
તમે બધાં નિશાળે નિયમિત આવશો કે નહિ
જ્ઞાનપ્રાપ્તિ અર્થે સૌ પહેલાં સરસ્વતી ઉપાસના થાય છે
શાંતચિત્તે ધ્યાન ધરતાં વિદ્યાદેવી રિઝાય છે
શિસ્તબધ્ધ સૌ હારમાં ગોઠવાશો કે નહિ - બોલો.
નિષ્ણાત સાહેબો સ્નેહપૂર્વક જ્ઞાનગંગા વહાવે છે
પ્રેમકરુણાને માનવતાના પાઠ હંમેશ શીખવે છે
ખોબેખોબે જ્ઞાનનાં નીર પીશો કે નહિ - બોલો.
શરીરની સુખાકારી અર્થે સ્વાસ્થ્યશિક્ષણ અપાય છે
ખોખોહતુતુતુને વોલીબોલ જેવી રમતો રમાય છે
ખેલદિલી ને વફાદારી કેળવશો કે નહિ- બોલો.
મોતી સરીખા અક્ષરો કાજે હસ્તાક્ષર પ્રોજેક્ટ લેવાય છે
ઉડીને આંખે વળગે એવા સારા અક્ષરો બનાવાય છે
ધીમેધીમે અક્ષરો ખરાબ સુધારશો કે નહિ - બોલો.
બાહોશ વક્તાઓના ઘડતરકાજે વકતૃત્વ સ્પર્ધાઓ યોજાય છે
જનમેદનીમાં યશોગાન ગાવાનો કસબ હાથ ધરાય છે
નિર્ભયપણે શબ્દોની ગાથા ગાશો કે નહિ - બોલો.
જડપથ્થરોને કંડારી દઈને જીવંત મૂર્તિઓ ઘડાય છે
હાડમાંસને આત્મા કેરું અમીસિંચન કરાય છે
આપત્તિટાણે મિજાજી ચહેરે હસશો કે નહિ - બોલો.
જગકેડી પરનાં ભમતાં બાળુડાં વિખેરાશે નિર્મિત કાળેજી
સ્મરણપટમાં ભળેલી સુવાસ પ્રસરશે ધીમી ચાલેજી
શિર પર ચડેલા ઋણને કદી ફેડશો કે નહિ - બોલો.



## (૫૮) કફન હતું

તું હતી ને તારું સુંદર વદન હતું
મળેલ મન હતું અલગ બદન હતું

ચાલીચાલીને વેગે જડ પગ થયા
વિરામકાજ સાવ સમીપ સદન હતું

ઠરીને નિરાંતે વાત ન કરી શક્યાં
મુખેથી ઓચરતું વિરાગનું કવન હતું

દિલે ના સ્પર્શે તો ડિલની વાત જ શી !
લહેરાતું વાયરે ઉડતું ગવન હતું

ઓચિંતાં ક્યાં તમે આમ ચાલી નીકળ્યાં ?
દૂરથી મેં જોયું તો કરમાં કફન હતું

## (૫૯) નજરના જામમાં

મારા હોઠ પર બીડાયેલ હોઠ
તારા પ્રેમનો મધુર રોમાંચ અર્પતા જાય છે
મારી આંખોમાં પેખાતો પડછાયો
તારા અસ્તિત્વની ખાસ ચાડી ખાય છે
તારા ફૂલગુલાબી લાલચટક ગાલ
મારા નિહાળવાના આયાસને બહેકાવે છે
તારા ભાલે ઝૂલતી કાળીભ્રમર લટ
વને ભટકતા નીલમૃગસમી ભાસે છે
તવ કોમળાંગુલીઓના ટેરવાંનો સંસ્પર્શ
મારા ઉરતારને ઝણઝણાવી નાખે છે
તારી મદભર આંખનો માત્ર અણસાર
મારી બેહોશીના ખ્યાલને બેવડાવે છે
શ્રાવણીમેઘ જેવું નીતરતું તવ દેહરૂપ
નાજુક બાહુના આશ્લેષભણી ખેંચી જાય છે
તારા આયખાના અરીસે ઝૂલંત પ્રતિબિંબ
નાજુક નયનથી હરપળે આભાસી થાય છે
મારી નજરના જામમાં ખાસી ઓગળેલી તું
કંઈ કશા ખ્યાલ વગર હું સ્મર્યે જાઉ છું



## (૬૦) એ કમાલ કેવી છે ?

ઉર ચીરાયું સેજમાં એ કમાલ કેવી છે ?
નજર ખૂંપી નેણમાં એ કમાલ કેવી છે ?

મોરની કળા અસલ એની શોભા છે
ચાલ છૂપી ઢેલમાં એ કમાલ કેવી છે ?

એ નાગણજેમ ડસે છે ક્યારેક તો
ફૂંત્કાર ફૂંક્યો ફેણમાં એ કમાલ કેવી છે ?

મંડપે જીવનના અવસરો ઉકલી ગયા
નકાર નડ્યો કહેણમાં એ કમાલ કેવી છે ?

આ ખણકતાં કંકણ કરનાં કહે છે
શ્વાસ સર્યા વ્હેણમાં એ કમાલ કેવી છે ?

દીધા છે કોલ મિલનના અંતિમશ્વાસસુધી
વિશ્વાસ થડક્યો વેણમાં એ કમાલ કેવી છે ?

વર્ષોથી પ્રણયપૂર ઉમટેલ હતાં ઉરે
મળેલ લેણદેણમાં એ કમાલ કેવી છે ?

## (૬૧) મારા સોગન છે

કેમ અંતરિયાળ છોડી ચાલ્યા હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે
કેમ મહાજન વચ્ચે હાથ ઝાલ્યા હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે

પાપા પગલીભરી માની મમતાએ વધતાં
સખીસંગ શેરી વચ્ચે ઢીંગલોઢીંગલી રમતાં
હસ્તછૂંદણે નામ તારાં પાડ્યાં હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે

પાદરે પનિહારી બની કૂવાકાંઠે જળ ભરતાં
સોળે શણગાર સજી ઠમકતી ચાલે જતાં
શાને તાતાં નયનબાણ માર્યાં હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે

હોંશે ફેરફૂદરડી ફરતાં રૂપરંગ હિલ્લોળે ચડતાં
એનઘેન ગોળઘૂમરીભરી આંખખૂણે અશ્રુવહેતાં
શાને ઉરદ્વાર ખખડાવ્યાં હે સાજન !



પાછા વળો તમને મારા સોગન છે
પીળું પ્હેરી પાનેતર ગોતુ મનનો માણીગર
દેહે ધરી કસુંબલ વસ્ત્ર વાટ જોતી ઉલટભેર
આજ યૌવનપૂર છલકાયાં હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે

આંખે ખીલેલ ઉપવને સમણાં કેરાં પુષ્પ ખરે
સ્મરણના ભ્રમરરૂપે અહર્નિશ ચોગરદમ ઘૂમે
ઉરે પ્રીતનાં ગીત ગુંજાયાં હે સાજન !
પાછા વળો તમને મારા સોગન છે

## (૬૨) નિભાવો મને

તવ સન્મુખ આવી છું ઊભો, નિહાળો મને
જેવો તેવો બાળ છું તારો, નિભાવો મને

મદમત્સરથી છું હું છકેલો
અનંત દુર્ગુણોથી છું ભરેલો
સંતાપ સર્વ મારા ટાળો, નિહાળો મને
દિશેદિશ મેઘ ગરજે છે
ચોમેર વીજળી ચમકે છે
વાવંટોળ ફૂંકાતા ટાળો, નિભાવો મને
તને ત્યજી બીજે હું કયાં જાઉં ?
ગાંડોઘેલો હું બાળ તારો થાઉં
ઉમ્રભરનાં પાપ ટાળો, નિહાળો મને
રાતદિન તને યાદ કરું છું
તારા વિના મા ! ઝૂરી મરું છું
તવ દર્શને જાગું સફાળો, નિભાવો મને

## (૬૩) ક્હાન એવું શું કીધું ?

રાધાને કહાન એવું કાનમાં શું કીધું તમે ભાનગયું દેહનું ભૂલાઈ
પાવો રૂડો સૂર રેલે વૃંદાવન મારગે તીવ્ર અંતરની વેદના ઘૂંટાઈ

મેઘલરાત્રિએ યમુનાનાં નીર કોણે વ્હેતાં થંભાવી આમ દીધાં ?
કીધો મારગ જળમધ્યે એકપળમાં સર્વજીવ તંદ્રસ્થ કેમ કીધા ?

ગોકળિયા ગામથી મધુવને નીસરી ગોધનસંગ કેમ પ્રીત તમે કીધી ?
હેતહૈયે સાંભરે સૂનાં વચ્છ ભાંભરે પાતક માથે એવું શું વ્હોરી લીધું ?

કાલિંદીના જળમધ્યે ઊંડાધરામાં આમ દડો ફેંકવાનો શું કામ ?
ફેણધર નાગને બાથભીડી હાથથી શાને નાથ્યો તમે બેફામ ?

બેસી કદંબડાળે યમુનાના ઘાટ પર ચીર તમે કોનાં હરી લીધાં ?
બંસરીના સૂરરેલી કોના ઉરતારને છેડવા મનસૂબા તમે કીધા ?

વ્રજનરનારી સૌ ઉમટી આવે કહાને રાધાસંગ વેર શું કીધું ?
અબોલરાણી  બોલી ઊઠ્યાં કહાને ચિત્ત મારું સ્હેજે ચોરી લીધું ?



## (૬૪) ભગવાનને ભજનાર

ભગવાનને ભજનાર એનાથી જરાપણ ડરતો નથી
એ નવાઈની વાત છે
એના ખાસ અંતેવાસી ખરેખર દૂરવાસી હોય છે
ધર્મની વાતો કરનારા ધર્મિષ્ઠ વસ્તુતઃ ધતિંગ ચલાવે છે
અહીં દેવના પૂજારી તો જાણે ઠીક
પણ જે પૈસાના પૂજારી છે તે અન્યનું શું ભલું કરે ?
દેવદર્શનથી નિઃશંક પવિત્ર થનારાઓ
શું ક્યારેય મલિન દિલદર્શનથી પવિત્ર થવાય છે ખરું ?
ક્રૂર કસાઈના જેવાં
અઢળક કુકર્મો કરી
એકાએક માલેતુજાર બનવાની
વ્યર્થ ઘેલછામાં સદૈવ રાચતા
ધનનો અંચળો ઓઢી
પર સેવામાં રત રહેનાર
પરસેવો પાડ્યા વગર
પૈસાદાર થનાર
સમગ્ર જનસમુદાયમાં મહાન બની
દીર્ઘકાળપર્યંત પૂજાય છે ખરા
જનમુખે પુણ્યશાળી કહેવાતા
પણ ભીતરે તો
તે સ્વયં અંશતઃ પાપી હોય છે એ નગ્નસત્ય છે.

## (૬૫) હું ઝંખુ છું

વર્ષોથી
હું તને સહરાની પ્યાસ જેમ ઝંખુ છું
તારા નિખાલસ પ્રેમ માટે સદૈવ તલસુ છું
તું રસિક ને નિશ્ચિંત થઈ યથેચ્છ વિહરે છે
મારા મૃદુ હ્રદે સદા અસીમ તલસાટ છે
ઉભયઉરને સ્પર્શતાં સદંતર વહેતો
માત્ર અશંકિત નિર્વ્યાજ પ્રેમ ઈચ્છુ છું

આ અધરોષ્ઠ તારું નામ રટે છે
સદા ૠજુ સંસ્પર્શ ઝંખે છે
કેમ મુખ મધુર વદતું નથી ?
કેમ હોઠે સ્મિત ફરકતું નથી ?
કેમ બેહોશ નેણ તાકતી નથી ?
કેમ અત્યંત પ્રિય લાગતી નથી ?
તારું સમગ્ર અંતર પ્રેમાગાર છે
એ સર્વ કોના કિસ્મતમાં છે ?



મારી સકલ સંવેદના અછતી છે
તું કદી પ્રેમબંધન ઈચ્છતી નથી
કદીક આપણે અચાનક મળીએ
શીદને સહસા વ્યર્થ છળીએ ?
ન કહેવા છતાં જાણે સમસ્ત કહીએ
અકથ્ય મૂગી મૂંઝવણ અનુભવીએ
આપણે પરસ્પર ગમીએ કે ન ગમીએ
ભાન વા અભાને પ્રેમની રમત રમીએ

તારા વસમા અબોલા પરહરી
સંસારની રીતરસમ અવગણી
હે પ્રિયવર ! કહી હેતપૂર્વક સંબોધે
તો હું માનું કે તારું વ્હાલ વરસે છે શતધારે

## (૬૬) જીવનદોર

જીવનદોરના જીર્ણશીર્ણ છેડા
કાળઅવની પર પડેલા
લાંબા ટૂંકા
સીધા વાંકા
એકલ દોકલ
અતિમંદ કે વેગે
ચડી કોઈની હડફેટે
શ્વસે વાની ઠેસે
ધપે
ક્ષણક્ષણે
મહાકાળની પગથારે
રચી લક્ષ્યના મેળા
વ્હેતા અમૂલ આયુષ્યની
કોઈ નિશ્ચિત અંતતામાં



## (૬૭) જાન આવી

જાન ઊઘલી
સાજનમહાજન સંગે
વાગતેગાજતે બેન્ડવાજાં
સંગીતના રેલાતા સૂર
વરણાગી પાતળિયો સોહે
કેસરિયાળો સાફો માથે
મોર પિચ્છનું છોગું શોભે
હસ્તે લીલું શ્રીફળ ઓપે

જાન ઉપડી
વરરાજાની કરી વધાઈ
મંડપે લીલાં તોરણ ઝૂલે
ઉડે લગ્નવેદીની ધૂમ્રસેર
હોંશે લગ્નગીતો ગવાતાં
સર્વ હર્ષાવેશે મ્હાલે
સોહે મેંદીરંગ્યા હાથે
પીળા પાનેતરે મુગ્ધ કન્યકા
ચોરીફેરો ફરી ચોપાસ
સ્વજનોના ગ્રહી આશીર્વાદ
પ્રભુતામાં પગલાં મૂકી
નવદંપતી અડોઅડ ચાલે

જાન આવી
વાગતેગાજતે બેન્ડવાજાં
સંગીતના રેલાતા સૂર
માદરે વતન પરત
ને
જાનમાં જાન આવી



## (૬૮) યોગ્યતા

કુબેરને

દેવનગરીમાં અખૂટ ને અપાર ધનભંડાર ભરેલા છે
એમને આમતેમ ભટકતા યાચકોની કંઈ કમી નથી
જેને કશી જરૂર નથી એને પહેલેથી એમણે મુક્તમને
યથાયોગ્ય સર્વ આપેલ છે
જેને કંઈ જરૂર છે એને આપતા પૂર્વે તે સહેજ
ખચકાટ અનુભવે છે

પરસ્પર પ્રેમબંધને જકડાતાં
ખુશીથી યથેચ્છ આપતાં પહેલાં
એ ધનઈચ્છુકને
તે યોગ્યતાના વિશિષ્ટ માપદંડથી અચૂક માપે છે

## (૬૯) ફાની દુનિયામાં

મથીએ ભવ પાર કરવા ફાની દુનિયામાં
સંસાર સાગર તરવા ફાની દુનિયામાં

મૃગજળ સમી દીસે છે અલ્પ જિંદગી
પ્યારા પ્રભુને સમર્પિત છે બંદગી
મથીએ સત્કર્મો રચવા ફાની દુનિયામાં
યશસુવાસ પ્રસરાવવા ફાની દુનિયામાં

છે જગે મોહમાયા છળકપટ દંભઈર્ષા
અજ્ઞાન અંધારે છવાઈ છે ધૂંધળી દિશાઓ
મથીએ દુર્ગુણો પરહરવા ફાની દુનિયામાં
જીવનપંથ ઝળહળવા ફાની દુનિયામાં

માનવ મટી માનવ દાનવ બને છે
કુકર્મો કરવામાં મિથ્યાભિમાને રહે છે
મથીએ એકમેકમાં ભળવા ફાની દુનિયામાં
સદા પ્રેમગંગા વહાવવા ફાની દુનિયામાં

મિલનોત્સુક આંખો બ્હાવરી બ્હાવરી છે
પ્રેમોન્મત્ત હૃદય આકુળવ્યાકુળ છે
મથીએ હરિગુણ ગણગણવા ફાની દુનિયામાં
આજન્મે પ્રભુપદ પામવા ફાની દુનિયામાં



## (૭૦) સમણાંની જાત

મેં તો સમણાંની જાતને વ્હેંચી
રાત આખી ઉજાગરાએ ખેંચી
ફાટેલ વસ્તરને સાંધણમાં લીધાં
ધાગાથી સાંધાના ટાંકા છે લીધા

વેરાન વગડે ટહુકો કોયલનો
પંખીની જાતને ઠપકો શા મેળનો ?
આંબાની ડાળ પર બેઠેલ ચકલી
મધુર રવે સુણાવે ચી ચી

પાદરે પરદેશી પંખી આવ્યાં
ભાગીગળ નવલી વાતો લાવ્યાં
રીતસર ડાળથી ભોંય પર ફેંકી
નાનાં ભૂલકાંને દીધી છે વ્હેંચી

આંખોમાં ઘૂંટાતા અક્ષરો પ્રેમના
સૂના દિવસો વીતે જેમતેમના
કલમે લખેલ ઉકલે ન કાગળો
બધી કોરી કિતાબો મેં હોંશે વાંચી

## (૭૧) તારો છે આધાર મને

ઓ, જગતજનની મા ! તારો છે આધાર મને
ઓ, તારણહારી મા ! તારો છે આધાર મને
હું વાત વિપતની કોને કહું?
તારી સમક્ષ હું અરજી ધરું
તું સ્વીકારી લે, મા ! તારો છે આધાર મને
ભલે જગ આખું ભૂલી જાઉ
પણ તને કદી હું ના ભૂલું
ઓ, મદદગારિણી મા ! તારો છે આધાર મને
તું સુવાડે છે તું જગાડે
સઘળું મા તું કરાવે
ઓ, સ્વર્ગદેનારી મા ! તારો છે આધાર મને
તેં ભક્તોને તાર્યા છે
દુઃખમાંથી ઉગાર્યા છે
હવે દર્શન દોને મા ! તારો છે આધાર મને



## (૭૨) કારોબાર રાખું

જીવનનો સાવ સરલ કારોબાર રાખું
ધબકતાં ઉભય દિલ હારોહાર રાખું

થડકો છો રસ્તે આમ કેમ અચાનક ?
શેરી સોંસરવો અનિલ બારોબાર રાખું

અતીતનાં ભીનાં સ્મરણપડ ઉકલે
નેણનીતરતાં સલિલ ભારોભાર રાખું

પ્રત્યેક નયનબાણ તીવ્રતાથી ખૂંચે છે
સ્મરણ તારાં સ્નેહલ પારોપાર રાખું

પાંપણથી પળપળ કૈં ઉડ્યા કરે છે
સમણાં અબીલગુલાલ હારોહાર રાખું

ઘૂઘવે છે મસ્તીથી આંખનો સમંદર
ઉછળતાં મોજાં અખિલ લારોલાર રાખું

## (૭૩) હાથમાં મારા આવે

લાગણીનાં વન લીલાં હાથમાં મારા આવે
સ્નેહપ્રદ હૈયાં રસીલાં હાથમાં મારા આવે

વૈરાગ્યશાલિની સમી દીસે તૃષિત અવની
અભ્ર દોડતાં શ્યામનીલાં હાથમાં મારા આવે

ઉભય પ્રેમાતુર આંખો અરસપરસ તાકતી
કોઈ પ્રેમીજન રસીલાં હાથમાં મારા આવે

વેગે આદરતાં પ્રયાણ મંજિલ અલભ્ય રહી
કોઈ નરબંકા ખંતીલા હાથમાં મારા આવે

ઉરદ્વારે આવતાં એ સહસા અદશ્ય થઈ
ભાલનાં કુમકુમ ટીલાં હાથમાં મારા આવે



## (૭૪) મંજૂર છે

કકળતા કપરા કાળમાં જીવવું મંજૂર છે
ખેવના શાની ? મંજિલ પાસ છે કે દૂર છે

દુશ્મનો રચશે બધા ફસામણીનો ફાંસલો
હાર્યા પછી કહેશે બધા તું ઘણો બહાદુર છે

કાંધે ચડાવ્યા પછી ઘોર તારી ખોદશે
દાટવો તને કયાં હવે? જગા બધી ભરપુર છે

વાણીના વાઘા પહેરાવી તને શોભાવશે
તાકડે તમાશો જોવા ટોળે બધા આતુર છે

દૂધમાં ને દહીંમાં બે પગ જુદા રાખશે
અવસરટાણે સેવા માટે હાજરાહજૂર છે

દાવપેચમાં પાવરધા પતંગ તારો ચગાવશે
અવળો ફૂંકાતાં પવન સ્વયં બધા મજબૂર છે

વેર નીતરતી વાતોમાં વખતે તને ભરમાવશે
દગલબાજની દુનિયામાં 'પતિત' કયાં ચતુર છે ?

## (૭૫) મારે શી જીવવાની આશ ?

છે મારા વતનમાં સાવસૂનો આવાસ
છમછમ પગલીનો રચાય છે આભાસ
ગોરી ! મારે ઝાઝી શી જીવવાની આશ ?

પારકી ન માનવાના સોગંદ લીધા'તા
પોતાની માનીને પ્રેમવારિ સીચ્યાં'તાં
રૂસણે જવાના ભારે ફંદ કીધા'તા
રોજરોજ ધપતી સ્મરણોની વણજારમાં
મારા રોમરોમે પ્રગટવાનો છે અવકાશ
ગોરી ! મારે ઝાઝી શી જીવવાની આશ ?

વીતેલ વર્ષોની મધુર મહેક લઈ
આંખે ઉઘડતાં સમણાં સજાવી દઈ
લાગણીની ફૂટતી નવતર કૂંપળમાં
પ્રગટતી કુસુમપરાગરજને પ્રસારી
આવો, મારા આંગણે હેતે આવકારું
તારા ધબકતા શ્વાસે વેરાતો અજવાશ
ગોરી ! મારે ઝાઝી શી જીવવાની આશ ?



## (૭૬) હું ફરતો રહું છું

સમયના શ્વાસોહું શ્વસતો રહું છું
પતનની પળમાં હું ખરતો રહું છું

વિસ્તરેલી વાસ્તવિકતાઓ વચ્ચે
વર્તમાનની ઈમારત હું ચણતો રહું છું

બસ, હું જીવી રહ્યો છું તારા શ્વાસે
હયાતીના જળમાં હું તરતો રહું છું

અહીં લાગણીઓનું વન ઉભરાતાં
સ્મરણોના સૂરમાં હું સરતો રહું છું

જીવન જોગવવું છે એટલે તારી
નજરના નગરમાં હું ફરતો રહું છું

## (૭૭) મુનિ વાલ્મીકિને

હે મુનિ વાલ્મીકિ !
રસપાન કરતાં એકીટશે આપની રામાયણનું
છવાયો આજ મુજ અંતરમાં ભારે શોક
ત્વરિત પ્રજળી ઊઠ્યો આપપ્રતિ પુણ્યપ્રકોપ
ઉદારચિત્તે દીધાં સીતાને અક્ષુણ્ણકીર્તિદાન
આર્યનારીનાં કીધાં એમ ભારે સન્માન
પણ પેલી ઊર્મિલાનું ક્યાં ફરકે છે એમાં પાન ?
પાતિવ્રત્યના પાવન યજ્ઞમાં જેણે જીવન કીધું કુરબાન
વલ્કલધારી રામસંગાથે મોકલી સીતા વનમોઝાર
કહો, કેવો ન્યાય આપનો ? પાસાંપાડી દીધાં પોબાર
ખાડાટેકરા ઝાડઝાંખરાંનું હિંસ્ત્ર ભયાનક છે જંગલ
પતિસંગે ઉમંગે રમતી સીતાનું ધન્ય છે જીવન મંગલ
ભ્રાતૃભાવે પરિપૂર્ણ પેલો લક્ષ્મણ સંચર્યો વનમોઝાર
સોંપી હોંશે પત્નીને સઘળો માતૃસેવાનો કાર્યભાર
બાગબગીચા મહામહેલાતો સુખસાહ્યબીમાં છે મંગલ
પતિપ્રીત્યાર્થે વલખાં મારતી ઊર્મિલાને મન છે જંગલ
પતિપરાયણ ભવ્ય સીતા પર વેર્યાં પ્રશંસાનાં પુષ્પો
દીઠી ઊર્મિલાના અંતરમાંથી ઉડતી મનભર મેં ખુશબો
હે સમતાને સંયમના ઋષિ !
ઉભયે ભવ્ય ત્યાગ કોનો કહેવો ?



## (૭૮) આક્રોશ

આ
મિથ્યા સંસારની
અટપટી ને વાંકીચૂકી પગદંડીએ યથેચ્છ વિહરતાં
આપણે કોઈનો સુમધુર ને કોમળહાથ પકડી ઘડીભર છોડી દઈએ
તો એ કોઈ ખાસ નોંધપાત્ર બીના નથી
પરંતુ એને તુચ્છતાથી એકાએક સદૈવ તરછોડીએ
તો એની સામે સકલ જનસમુદાય
સખત વાંધો ઊઠાવી પોતાનો આક્રોશ ઠાલવે
તો
એ તત્કાળ તદ્દન અવિચારણીય ને અયોગ્ય પગલું છે
એમ જરાપણ ગણવાપાત્ર નથી એ નિર્વિવાદ હકીકત છે

## (૭૯) ખાતરી કરો

કેવાં કર્યાં છે કરમ ? ખાતરી કરો
કેવા કીધા છે ધરમ ? ખાતરી કરો

વગ વિનાના રાજમાં રંક હજી રવડે
કોની ભરી છે શરમ ? ખાતરી કરો

સૂર્ય ઊગે હેમના ધનિકોના મ્હેલમાં
કોના ભાગ્યા છે ભરમ ? ખાતરી કરો

શ્રોતાગણને મંચ પર કોલ કીધા કેટલા ?
કેમ વદો છો વાણી નરમ ? ખાતરી કરો

એકદિન જ્વાળા આગની કરશે ખતમ
કેમ ગોપ્યાં છે સર્વ મરમ ? ખાતરી કરો



## (૮૦) વહ્યા કરવાનાં

આંખથી આંસુ સર્યા કરવાનાં
ધીમી ધારે વહ્યા કરવાનાં

ગાલ પર ઉપસેલ શ્યામખંજન
સ્મરણે સદા રહ્યા કરવાના

તવ નાજુક મધુર અંગુલિસ્પર્શ
સમણે રાતે સ્મર્યા કરવાના

ભવાટવીમાં તને ક્યાં ગોતું ?
હરશહેરગામે ફર્યા કરવાના

તને સોગાત અમૂલ અર્પુ શું ?
સુવાસિત પુષ્પ ધર્યા કરવાના

છે નિરંકુશ બંડખોર ભગ્નઉર
હરપળે ખુદ મર્યા કરવાના

## (૮૧) પંખી ઊડ્યાં હોજી

એક લીલેરી ડાળથી પંખી ઊડ્યાં હોજી
ધીમે પ્રસારી પંખફફડાટે ઊડ્યાં હોજી

આંખે સમણાં છલકી ઊઠે નભે ઊડતાં
ઊડીઊડીને જોજાજોજન દૂરદૂર ઊડતાં
સમીરના સૂસવાટે પીછાં ખર્યાં હોજી

અતિઉમંગે મસ્તીથી ગોળગોળ ઘૂમતાં
ઘડીક ઊંચે ઘડીક નીચે પાછાં વળતાં
હારોહાર એકીસાથે નભે સર્યાં હોજી

અતાગ ગગન માપવા સૌ પંખી મથતાં
લય ગતિ ને હામ સકલ અંગઅંગે ખૂટતાં
ઊડા નભને ચંચુસ્પર્શે કોચ્યાં હોજી

નભે ધવલમેઘની નાજુક કોરને સ્પર્શી
હોંશે ફૂદરડી ફરી વેગે જીવતર રોળતાં
ઊડતી રજગોટનાં અંધાર ફૂટ્યાં હોજી

સાવ શિથિલ પાંખે ઊડતાં લૂલીવંક ડોકે
નીચાં નેણે પોપચાં ઢાળી દેખે ધરાચોકે
ઊડતાં પંખી ધરાતલે પડ્યાં હોજી
એક પંખીએ અંતિમશ્વાસ છોડ્યા હોજી



## (૮૨) તોય ઘણું

કોઈકે
ઈર્ષાની અણીએ
ધકેલ્યો મને પતનની ખાઈમાં
એટલે પતિત થઈ વર્ષો લગી
અહીં અવની પર હું સબડ્યા કરું છું સતત
યાતનાસભર નરકાગારમાં
પુણ્યપુંજ રચી
પુનિતપદ કાજે
મથું ઉત્થાન પામવા
મા ભવાની પતિતપાવનીના
પરમ પ્રસાદરૂપ અનુગ્રહથી
ભરું ડગ એકેક ભૂમંડલે
ને પતિતમાંથી નિષ્પાપી થાઉ
તોય ઘણું

## (૮૩) યાદ નમણી

અહો વ્હાલી બાળા શયનગૃહમાં સાંજ ઢળતાં
ધસે વેગે ઓળા દિવસભર સંતાપ હરવા
સમીપે બેઠાં'તાં મિલનપળના ભાવ સજતાં
ગયાં જંપી સ્હેજે સરળદિલની વાત લહતાં
અનિદ્રે જાગી ત્યાં તવ મુખ પરે હાથ ધરતો
ભરી ચૂમી ગાલે ત્વરિત વસમો શોક હરતો

સફાળી જાગી તું અરરર પિતા એમ વદતી
ધસે સ્વપ્ને ઝંખા તવ અકળ રાત દિવસમાં
હવે ખાલી શય્યા તુજ વિણ અહીં રુક્ષ બનતી
વહે અશ્રુધારા નયનવિરહે રક્તવરણાં
વસો છો એ રીતે જીવનભર ના શક્ય મળવું
મને છે પ્યારું હા ! હૃદયજખમોનું ય સહવું

વહો આંખે તાજી સરલ સરતી યાદ નમણી
રહો જખ્મી હૈયે તરબતર હેતાળ બાલિકા



## (૮૪) એકલતા

ગાડરિયું ટોળું
ઊભી સીમ આખી વાગોળે
લીલોછમ ચારો ચરતાં
ભૂખ્યા દૂબળા ડાંશ જેવું
ભૂલું પડતાં માંહેથી
એકલદોકલ ઘેટું
હાંફળું ફાંફળું
આમતેમ ભટકતાં
નતમસ્તકે
ચરે
એકલતા

## (૮૫) પથ્થર જેવા કોરા

પથ્થર જેવા કોરા
અમે પથ્થર જેવા કોરા
સાતસમંદર પાણી રેડી ઊંચે આભનાં ભીતર ફોડ્યાં
મંદસમીરના શીતલ સ્પર્શે ઉર ધબકતા શ્વાસે જોડયાં
ખડતલ વાને ગોરા
અમે પથ્થર જેવા કોરા
આમ આથડતા તેમ આથડતા શુષ્ક પર્ણવત્ ખખડતા
થતા અંગઅંગના ચાતરચીરા રિક્તસ્થાને સમૂળ જડંતા
પ્હેરે ઝાઝાં મ્હોરાં
અમે પથ્થર જેવા કોરા
ભીની આંખની થાપટ વાગે અતીત તહીં સળવળતો જાગે
સૂના જીવનઘાટ પર મારા કોણ પાડે સાદ અદકેરા ?
ખરે અશ્રુનાં બોરાં
અમે પથ્થર જેવા કોરા
દિશેદિશ આભ ઝળુંબે ધરાતલે સળકતાં પાણી
અલખજોગીનાં ધ્યાન વછૂટતાં વહે પ્રેમસરવાણી
ઉડે સ્વપ્નીલ ફોરાં
અમે પથ્થર જેવા કોરા
કણકણના સંચિતકર્મે પુષ્પકાય શું રૂપ રચાતું ?
ક્ષણક્ષણના જીર્ણ વાઘા પ્હેરી જીવન સકલ સજાતું
તૂટતા શ્વાસના દોરા
અમે પથ્થર જેવા કોરા



## (૮૬) પર્વત

આકાશને અડકે પર્વત
સૂરજને સ્પર્શે પર્વત

ઝાડઝાંખરાંઝુંડ ભરેલ
નિજાનંદે વિસ્તરે પર્વત

વાઘવરુ શાં હિંસ્ત્ર પશુ
ઘોર ત્રાડે ગરજે પર્વત

ધીમા રવે વ્હેતાં ઝરણાં
બારેમાસ વિલસે પર્વત

વૃક્ષડાળે લટકે સૂરજ
દર્શનકાજે તલસે પર્વત

મહા ઔષધિકોશ સમો
પરહિતે હરખે પર્વત

## (૮૭) મારે નથી થવું

મારે કવિ નથી થવું
દિલદર્દ ક્યાંથી લાવું ?
પુષ્પ લીલાં ખરી પડતાં ખીલી ઊઠે કંટકો
વાયરે વીંઝાય છે લીલીછમ વેલની કૂંપળો
મારે હવા નથી થવું
બધે પ્રસરી કેમ જવું ?
આકાશે અંકાય છે ઝગમગ થતા તારકો
ધવલવેશ દેહે ધરી ધપે અંધારમારકો
મારે નભ નથી થવું
રૂડો ચાંદ ક્યાંથી લાવું ?
સાગરે ઘૂમરાય છે મોજાં અનિલલહરે
નાવ ફંગોળાય છે મજધારના ગહનજલે
મારે મરજીવા નથી થવું
મોંઘાં મોતી ક્યાંથી લાવું ?
આંખથી અશ્રુ ઝરતાં પાંપણો પલકે નહિ
નિર્જન સૂના રસ્તે પગલાં છલકે નહિ
મારે દિલદાર નથી થવું
પ્રેમાળ નજર ક્યાંથી લાવું ?



## (૮૮) સફરમાં

શક્યતા સંબંધની ભળી ગઈ અસરમાં
કોરી લાગણીઓ ફળી ગઈ ટશરમાં

ભલે, તમે ન આવ્યાં મદહોશ છીએ
લો, સૂરાની પ્યાલી ચડી ગઈ નજરમાં

હું વર્ષોથી ઊભો પાદરે રાહ જોઉ છું
આઘે જતાં વાટ વળી ગઈ નગરમાં

આ હૃદયકુંજમાં ક્યાં કોયલ ટહુકે છે?
મને ફાળ ભારે પડી ગઈ અંતરમાં

આ રમતસંતાકૂકડી મને કહે છે
અસલિયત તમારી મળી ગઈ સફરમાં

## (૮૯) ક્યારે આવશો ?

સૂરજ ડૂબે આભમાં કહો, ક્યારે આવશો ?
સમણું સળકે શ્વાસમાં કહો, ક્યારે આવશો ?

પરોઢની પ્રતીક્ષામાં એક પ્રહર વીતી ગઈ
ગોથું ખાતો વિશ્વાસમાં કહો, ક્યારે આવશો ?

નગર આખું માપવા સહસા નીસરી પડ્યાં
બેઠો તવ આવાસમાં કહો, ક્યારે આવશો ?

પર્ણ પર પડતાં પ્રકાશ શબનમ શરમાઈ ગઈ
ફણગો ફૂટે ચાસમાં કહો, ક્યારે આવશો ?

મરુભૂમિમાં ઝાંઝવાંજળમહીં ગોતું તને
તરફડું છું પ્યાસમાં કહો, ક્યારે આવશો ?

વનરાજ કેસરીસમો ગરજે છે મેઘ નભમાં
વરસે શ્રાવણ માસમાં કહો, ક્યારે આવશો ?



## (૯૦) અનામત

આટલા હક્કો રહેવા દો સલામત
છીનવી કાં લો છો અમારી અનામત ?

હણો ના શશ ગભરું એ છોડી દો
શિકારી કૂતરાંના જેવી કરામત

રેડી પસીનો ખૂબ માંડ ચણી છે
તોડી ના પાડો હવે એ ઈમારત

તમે ખૂબ મ્હાલ્યા હવે મ્હાલવા દો
પડતી મૂકો પુનઃ તમારી મરામત

ન અમૂલ સોગાત એ હકની મળી છે
અનામત અમારા જીવનની અમાનત

## (૯૧) અભ્ર ધસે

ધસે વેગે ભૂરાં સજળ સરતાં વાદળ નભે
ચડે જુધ્ધે જાણે અભ્રકટક કો શત્રુ હણવા
વહે વાયુ શીળો વનગજવતો ચામર ધરી
રચી વ્યૂહો ઝાઝાઅરિસદનમાં જૂલ્મ મચવે
ચડી ઊંચી મેઘો વિજય વદતા ડંક બજવે
બની યુધ્ધે શૂરા ગગનધરણી બેઉ ગજવે

વળી રંગે સંગે શશિકિરણ શી વીજ ચમકે
ધપેલા અશ્વોને પથદરશને ભાગ ભજવે
રચી દીધી આભે સપ્તવરણની વિજયધજા
બધે વેર્યા રંગો સુઅવસરનો સાજ સજતાં
છવાયું ચોદિશે અવનિ ઉપરે દૃશ્ય નવલું
નિહાળી સર્વત્ર સચરાચરમાં હર્ષ ઉભરે

હજી સૂકા કાંઠા હૃદયસરના તૃપ્ત કરવા
વહો ભીના ભેજે નવજીવનનાં દાન ધરવા



## (૯૨) રાધાની વિરહવ્યથા

મોહને મોરલી વગાડી કૈં વ્રજમાં કોયલ કુંજમાં ટહુકી ઊઠી
સૂરો રેલાઈને પહોંચ્યા આવાસમાં ઝબકીને રાધા જાગી ઊઠી
શાને વગાડે કહાન મીઠી તું મોરલી ? જુઠી માયા મેં તારી દીઠી
સમણાંના ઘાટ પર જોતાં વાટલડી રોતી આંખડી વેરણ કીધી
દહાડે તું સંગમાં રમતો ઉમંગમાં રાતને સહિયર મેં માની લીધી
નજરના જામમાં છલકી તું આવતો વેળાવેળાની મેં પ્રીત કીધી
સૂરીલા સૂરોએ ચોરીને ચિતડું હૈયાના ઘાટ પર હોળી કીધી
અગન ઠારવવા વહેલા પધારો હૈયામાં હૂંફને ભરી લીધી
ઘમ્મરવલોણે વલોવાતાં દિલ પ્રીતની મોજ મેં માણી લીધી
આંખોમાં ઘેનની વ્હેતી સરવાણી અંતરિયાળે હડસેલી દીધી
રંગે રમીને રાસ હૈયાના ચોકમાં અંગઅંગ મને ઘેલી કીધી
છું જીભલડીએ અટવાતી હું વાર્તા માથાવટી મારી મેલી કીધી
છે રટણા સતત નાથ ! હૈયે તમારી માળાને મણકે પરોવી લીધી
ધરી ધીરજને સૂરતા જગાવી ભ્રમણાની આંખ મારી ખોલી દીધી

## ૯૩. માણસ

વરસાવી દે વ્હાલ તું માણસ
વેર બીજે ન ઢાળ તું માણસ

ચડાણ સીધાં હો કે વાંકાં
સીધે રસ્તે ચાલ તું માણસ

કહેવું છે તો કરી બતાવીએ
જૂઠાં વચન ટાળ તું માણસ

કરવું છે આજ કરીને જંપીએ
છોડ ન આવતીકાલ તું માણસ

ભૂતભવિષ્ય રાખી નજરમાં
વર્તમાનનો કર ખ્યાલ તું માણસ

છેડ્યા તાર જો બજે બેસૂરા
ઝટ મેળવી દે તાલ તું માણસ

કથવું સહેલું છે કરવું વસમું
થઈશ જીવનમાં ન્યાલ તું માણસ



## ૯૪. ગોલાણા હત્યાકાંડ - એક બનાવ

હજી હમણાં થાળે પડ્યું છે જનજીવન માંડમાંડ
ત્યાં ફૂટી નીકળ્યો છે ફણગો - ગોલાણા હત્યાકાંડ
ગોલાણા હત્યાકાંડ એટલે કોમકોમ વચ્ચેનું યુધ્ધ
તસુ જમીનને કાજ
બધે આતંક છવાયો આજ
ગાંધીજીનું ન નામ વટાવો
દિલથી સૌ ભેદભાવ હટાવો
આવી ગોડશેના આવેશમાં
ક્રૂર હાથે ભરી બંદૂકે
સનનન કરતી ગોળીઓ છૂટે
તે ધાણીજેમ ફૂટ્યા કરે
કાયદા જીવન રક્ષી ન શક્યા
સલામત કોઈ બચી ન શક્યા
છે ચારેકોર ભયનું સામ્રાજ્ય
પુનઃ હવે સ્થાપો રામરાજ્ય
શું છે આ ગાંધીજીનો દેશ ?
મળે ના માનવતા લવલેશ

## (૯૫) તેડું આવશે હોજી

સાંજે ઝગમગતો સૂરજ આથમતીવેળાએ
મારે અચાનક ભગવાનનું તેડું આવશે હોજી

અજવાળું ઓઢીને આવવાના ઓરતા છે
ચોગરદમ ઘનઘોર અંધાર ઘેરે છે હોજી

અધૂરાં કામકાજ જલદી આટોપી લેવાં છે
પાવન દર્શન કરવા જવું છે મંદિરે હોજી

શું લઈને જવાનું છે સંગે શાહી દરબારમાં ?
પુણ્યનાં પોટલાંસહ પ્રવેશવાનું છે હોજી

આજીવન કુકર્મોની સદા કમાણી કરી છે
અંતકાળે પાપીપ્રાણ ખૂબ પસ્તાશે હોજી

કોને મળવું ને કોને ભેટવું એ વિમાસણ છે
આઠે પહોર અગમનિગમનાં વાજાં વાગે હોજી

ભૂલી સંભારણાં અગમપંથે ચાલી નીકળવું છે
અગનભડકે રાખ થતાં માયા વિખરાશે હોજી

એક ઝાંખો પડછાયો પડશે નિત મારા ચોકમાં
તાકતી નમણી નયન સામે ઝાંય સળવળશે હોજી

સાંજે ઝગમગતો સૂરજ આથમતી વેળાએ
મારે અચાનક ભગવાનનું તેડું આવશે હોજી



## (૯૬) હું મમળાવું છું

પ્રીતનાં ભીનાં સ્મરણ હું મમળાવું છું
છું પ્રણયરસિક એટલે હું શરમાવું છું

તવ હોઠથી સરી જતા શબ્દશર રોક
તું પ્રેમએકરારે નિત કરગરાવું છું

છે તમન્ના સહપંથી બનવા એટલે
સોગંદ વફાના દરરોજ હું ખવરાવું છું

તું મુખે વદે છે હરહંમેશ નન્નો
ઢાઈ અક્ષરના અર્થ માટે ટટળાવું છું

છે દર્શનાભિલાષી મુજ આંખો તૃષાતુર
અધરાતમધરાતે દ્વાર હું ખખડાવું છું

એક આંખે વર્ષે શ્રાવણ ને અન્યે ભાદરવો
ઝીણીઝરમરધારે આભ હું વરસાવું છું

## (૯૭) વહે અશ્રુધારા

વહે અશ્રુધારા સૂકાતાં સૂકાતાં
સ્મરણો છે લીલાં ભૂસાતાં ભૂસાતાં

વ્યથાની હવાને શ્વાસે ભરી લૈને
ચાલ્યા'તા ગલીમાં લૂંટાતાં લૂંટાતાં

હતી આશ હૈયે ફૂલ જેમ ફોરવાની
ફળ્યા'તા કળીમાં ચૂંટાતાં ચૂંટાતાં

ઘૂમી ગામ આખું અહીં આવી પહોંચ્યા
તમારી ફળીમાં કૂટાતાં કૂટાતાં

ખુદાની શુકર કે બચ્યા નહિતર
બલી થૈ હોમાતા મુઝાતાં મુઝાતાં



## (૯૮) તરફડે

જળવિણ મીન જેમ તરફડે
પ્રેમવિણ પ્રાણ એમ તરફડે

સામસામે કાંઠે છે યુગ્મપ્રેમી
વિયોગે કપોત એમ તરફડે

ઉડતા પંખીની પાંખ વીંધી
કોમળકાયા એમ તરફડે

પેટવેઠની વાત ન્યારી છે
ક્ષુધાર્તજન એમ તરફડે

મર્દાનગીના ખેલ ખેલતાં રણે
ઘાયલ જવાન એમ તરફડે

વેરની વસૂલાતે મચેલ જન
કાળપગથારે એમ તરફડે

## (૯૯) ઊહકાર

અહીં જીવનના હરપ્રશ્ને પજવણીનો પાર નહિ
આ દુનિયામાં હરકાજે નિશ્ચે કોઈ આધાર નહિ

મનસૂબાનાં બી વાવતાં એનાં ઝાડ ઊગે ન કદી
આ ભૂતળમાં ધન્યપળે કેં કશો ભલીવાર નહિ

વિપરીતરીતે વાત પ્રસરતાં કર્ણે એને કોણ ધરે ?
આ જગમાં જનમતે સુંદર કોઈ સાર નહિ

ઊંડા દરિયે ડૂબકી દેતાં મોતીમોંઘાં મળે ન મળે
આ સંસારમાં જનમુખે કંઈ કશો આભાર નહિ

લાવ, ખૂણેથી જૂનું જંતર રાગરાગણીના તાલ ભરું
આ આયખાના વીણાયંત્રે સૂરો તારેતાર નહિ

પડતાં પગલાં પાછાં પંથે ઉર ઊના ઊહકાર ભરે
આ હરિયાળી ભૂમિ પર ખુશીનો અણસાર નહિ



## (૧૦૦) હું શોધું છું

સંસારસાગરનો હું કિનારો શોધું છું
જીવનના દુર્ગનો હું મિનારો શોધું છું

રસ્તે હું ખોળું છું રાતદિન પગલાંને
નિયત મુકામનો હું ઉતારો શોધું છું

ઢળી ગઈ શરમિંદી પાંપણ અચાનક
આકંઠતૃપ્તિનો હું ઈશારો શોધું છું

ઘર પર કદી પડ્યા કરે છે પથ્થર
સદા સલામતીનો હું સહારો શોધું છું

પાનખરે પક્વપર્ણ વૃક્ષનાં ખરે છે
જીવનમાં વસંતની હું બહારો શોધું છું

પંખીની જેમ સહસા પાંખ ફૂટે તો
આકાશે ઉડ્ડયનનો હું ઈજારો શોધું છું

## (૧૦૧) સંબંધ

હોઠથી તવ સ્મિત મીઠું આપજે
સ્નેહ સંબંધ ઉરે સદા રાખજે

આંખના ઈશારે બંધાતાં સંબંધ
પ્રેમવારિસિંચને હરિત રાખજે

સમણાં કેરું જાળું બાઝે આંખમાં
નિજાનંદી મસ્તીએ થનથન નાચજે

લાવ, તારો હાથ મારા હાથમાં
હોંશથી જીવનપંથ વિકટ કાપજે

જો બૂઝે ઘરટોડલે હરદીવા
આત્મજયોત અહર્નિશ પ્રજળાવજે

કહી અલવિદા હું હાલ જાઉ છું
પીઠ પર તીર કદી ન તાકજે



## (૧૦૨) મારા શબને ધીમે સજાવો રે

મારા શબને ધીમે સજાવો રે હું છું ફૂલગુલાબી
ઢમઢમ ઢમક ઢોલ બજાવો રે હું છું ફૂલગુલાબી

દીન દુઃખિયાંનાં કામ મેં કીધાં
સર્વ સ્વજનનાં દુઃખ હરી લીધાં
મારા શબને ધીમે ઉઠાવો રે હું છું ફૂલગુલાબી

ધરતીસંગ પ્રીત મેં કીધી
દુનિયાદારીની રીત મેં કીધી
મારા શબને કાંધે ચડાવો રે હું છું ફૂલગુલાબી

જગવિષ મેં ઘોળી પીધાં
પુણ્યબીજ મેં વાવી દીધાં
મારા શબને ઊંચે ઝૂલાવો રે હું છું ફૂલગુલાબી

હું છું વહેવારું વટનો કટકો
હૈયે છે ઊંડો ઘાનો ઝટકો
મારા શબને ધીમે ઉતારો રે હું છું ફૂલગુલાબી

ભ્રમણા છેક મેં ભાગી નાખી
પ્યારા પ્રભુની કીધી છે ઝાંખી
મારા શબને દાહ લગાવો રે હું છું ફૂલગુલાબી

મારી ચેહને ધીરે ઠારો રે હું છું ફૂલગુલાબી
મોંઘા માને મને વળાવો રે હું છું ફૂલગુલાબી
મારી યાદ દિલે ન લાવો રે હું છું ફૂલગુલાબી
આંખે આંસુ ના વહાવો રે હું છું ફૂલગુલાબી

## (૧૦૩) મને આપો

રાધાની આંખ મને આપો
મોરલાની પાંખ મને આપો
કાનુડો જોયા કરું
રાધાનો ધૂપ મને આપો
માથાનો ખૂંપ મને આપો
મન મોહ્યા કરું
રાધાનું સુખ મને આપો
ગોપીનું દુઃખ મને આપો
આંસુ લોહ્યા કરું
બંસીના સૂર મને આપો
જમનાનાં પૂર મને આપો
સમણાં ખોયા કરું
વગડાનું ફૂલ મને આપો
ગોકુળની ધૂળ મને આપો
વિરહે રોયા કરું



## (૧૦૪) ઘડીબેઘડી

અંતિમ શ્વાસ ઘડીબેઘડી છે
ધબકતી નાડી બંધ પડી છે

ભાનાભાને વદે સૌ કેમ દૂર છો ?
આજીવન વારંવર આંખો લડી છે

પુત્રપુત્રીઓ વહુપત્ની સૌ પૌત્રો
પાસે આવો, વૃથા જીદ નડી છે

હેતે કંઠની તરસ છીપાવો
અચાનક ગળે હેડકી ચડી છે

શું માલમિલકતનું બ્યાન છે ?
સુણી સહસા ધ્રુસકે રડી છે

કાંધે ચડતાં ઉપડી છે નનામી
રામનામની મુખે પોકાર પડી છે

સ્મશાને કહે ઉતરો હવે હેઠા
ભભૂકતી આગની જ્વાળાઝડી છે

## (૧૦૫) હું ચાહ્યા કરું

હું વાત એકનીએક દરરોજ કહ્યા કરું
હું દર્દ એનુંએજ દરરોજ વહ્યા કરું

પ્રેમવહી અક્ષરશઃ ઉકલે છે
હું વ્યંજના પદેપદે દરરોજ લહ્યા કરું

વ્રેહનો અકથ્ય ઊંડો જખમ છે
હું પીડા પળપળ દરરોજ સહ્યા કરું

કેમ મારાથી જોજન દૂર છો ?
હું નિવાસે આપોઆપ દરરોજ રહ્યા કરું

વિસ્મૃતિમાં સ્મૃતિ તરવરે છે
હું સદા સ્મરીસ્મરી દરરોજ ચાહ્યા કરું



## (૧૦૬) નસીબની યારી નથી

પ્રીત કરતાં પ્રિયતમા ગઈ રિસાઈ નસીબની યારી નથી
પ્રેમવચન કહેતાં ગઈ ચિડાઈ નસીબની યારી નથી

પ્રેમરસતરબોળ સોનપ્યાલી છાકમછોળ છે
હોઠે અડકતાં સહસા ગઈ ઢોળાઈ નસીબની યારી નથી

સખીવૃંદસંગે મંદગતિથી અદાપૂર્વક ચાલે છે
દૃષ્ટિપાત કરતાં શેરી ગઈ ફંટાઈ નસીબની યારી નથી

કોઈ ખાસકારણસર હાલ વાતચીતનો પ્રારંભ કરું
કેમ છો ? વદતાં જીભ ગઈ થોથરાઈ નસીબની યારી નથી

બરાબર એને સાંગોપાંગ નખશિખ નિહાળું છું
દર્શનાતુર આંખો ગઈ મીંચાઈ નસીબની યારી નથી

સુભગા સંજોગવશાત્ કદી આકસ્મિક મિલન થશે
દીર્ઘ સમયાંતરે કેમ જાય મલકાઈ ? નસીબની યારી નથી

ઘોર અંધારી રાત મને ખૂબ વસમી લાગે છે
આખેઆખી કીકીમાં જાય ચીતરાઈ નસીબની યારી નથી

## (૧૦૭) થાઉ

જીવનવીણાનો સૂરીલો એકતાર થાઉ
લાવ, હવે હું જ મીઠો ઝંકાર થાઉ

મને મળવાનું મિત્રોએ છોડી દીધું છે હવે
લાવ, હવે હું જ થોડો મિલનસાર થાઉ

હું શું કરું ? મિત્રોને પીવાની આદત નથી લવવેશ
લાવ, હવે હું જ થોડો પાનાર થાઉ

મધદરિયે નાવ ફંગોળાય છે મોજાંના પછાડથી
લાવ, હવે હું જ એની મજધાર થાઉ

દગલબાજીના પૂરમાં તણાયા લાખો નિસ્તેજ ચહેરા
લાવ, હવે હું જ એમનો દિલદાર થાઉ

સજ્જનોનાં મ્હોરાં પહેરી ફરતા છૂપા જુલ્મીઓ
લાવ, હવે હું જ એમનો ખબરદાર થાઉ

રાતે રસ્તામાં સૂતેલ ભૂખ્યાજનોને ભાળ્યા
લાવ, હવે હું જ એમનો કિરતાર થાઉ



## (૧૦૮) પત્ર

હું દરરોજ એના આગમનની પ્રત્યેકપળ કાગડોળે રાહ જોઉ છું
એ એક દિવસ અચાનક આવશે એ નિઃશંક બાબત છે
એ ક્યાંથી આવશે એની મને લેશમાત્ર જાણ નથી
એની દીર્ઘકાળપર્યંત રાહ જોવી પડે એમ પણ બને
એ ટૂંકસમયમાં અવશ્ય આવશે એમ મને લાગે છે
એને મારી પાસે કોઈ ગમે તે ક્ષણે મોકલે એવો મને દઢ વિશ્વાસ છે
એ મને ગમે તે સમયે નિર્વિઘ્ન મળશે એમાં બેમત નથી
હું એના સાંનિધ્ય વિના દુઃખનો પારાવાર અહેસાસ કરું છું
એ હર્ષશોકના સંમિશ્રિતભાવમાંથી કેવા ભાવ નિષ્પન્ન કરશે
એની મને ખબર નથી
એ મને મળશે ત્યારે એને જોઈ હું કેવો ખુશખુશાલ થઈશ
એ કલ્પનાતીત બાબત છે
આ સર્વ વિધિવત્ થશે એમાં લગીરેક આશ્ચર્ય નથી
અમારો પરસ્પર સંસર્ગ નિસર્ગદત્ત હશે એ નરી વાસ્તવિકતા છે
એના સહવાસમાં કેવી નવનવોન્મેષ હૃદયોર્મિઓ પ્રસ્ફુટ
થશે એ તદ્દન અવર્ણનીય છે

એની સંગતિમાં કેવો વિચારવિમર્શ ચાલશે એ કહેવું અતિ દુષ્કર છે
એ મને જોઈ ખુશ થાય કે ન પણ થાય પરંતુ હું તો એને જોઈ
ચોક્કસ ખુશ થઈશ એ નિર્વિવાદ હકીકત છે
એ એકદિવસ મારા ઘરઉંબરે અવશ્ય પધારી મને પાવન કરશે
એમ હું માનું છું
એ સમયે ટપાલી મને અચાનક વિનયપૂર્વક કહેશે : 'લો, આ પત્ર'
એ શુભક્ષણે હું ખૂબ અનુગૃહીત થઈશ.



## (૧૦૯) નિઃશ્વાસ

ઊના નિઃશ્વાસ હરદમ ભરું છું
વ્યથાની કથાઓ કહેતો ફરું છું

મૃત્યુ પછી કોણ વહેશે મારા શબને ?
પીઠ પર મારું શબ લઈ ફરું છું

આશાનાં પુષ્પો ખીલ્યાં ન ખીલ્યાં
પાનખર થઈ ઉપવને ભમ્યા કરું છું

જલાવો પ્રણયના શબને હવે તો
વિરહનાં ગીતો ગાયા કરું છું

કોણ જાણે હશે જિંદગીનો છેડો ક્યાં ?
આમતેમ સઘળે ભટક્યા કરું છું

પ્રત્યેક પાને પ્રગટેલ પ્રણયગાથાનું
હરક્ષણે પાન ઉકેલતો ફરું છું

જિંદગીને વીંટાયેલ પ્રત્યેક આશને
ભરી બાથ સદા લપેટાતો રહું છું

## (૧૧૦) અશ્રુ દરિયો

હે પ્રિયે !
તારી વિરહદગ્ધ આંખોમાં
સૂકાયેલ અશ્રુનાં ઝરણાં
નદી થઈ
ધીમા રવે છલોછલ વહેતાં થઈ જશે
ધસી વેગે મમપ્રતિ
સંમિલન સાધવા ઉરનું
ખારાશ ઓકીને સઘળી
મોજાં મોજે ઉછળી
ઝૂમી ઊઠશે
નાચી ઊઠશે
સ્તબ્ધતામાં ડૂબેલ અશ્રુદરિયો



## (૧૧૧) તોફાની વાયરો

વનવગડામાં ઊગેલું ઝાડ ધીમા વાયરે લ્હેરાતું જાય
ડાળેડાળે એનાં ઝૂલે છે પાંખડાં પવને પાન પમરાય
વસમી વેળાએ વિસામોમાણતાં પંખીડાં બહુ હરખાય

તાંડવે ચડેલો તોફાની વાયરો કેમે કરી ના રોકાય
પાંખ પ્રસારી પંખીડાં દૂરદૂર ગગન ભણી ઊડી જાય
કપરા કાળને કેમ કરી નાથવો સૂઝે ના કોઈ ઉપાય - વનવગડામાં.

ભરબપોરે તડકેલો તડકો ઊની એની લૂ વાય
ઉડીઉડીને ઉડવું ક્યાં આભમાં પાંખે પવન ભેરવાય
થાકને ઠારવવો ક્યા થાનક પર મનમાં મૂંઝારો થાય - વનવગડામાં.

ઉડતી ડમરીઓ ઊંચે અવકાશમાં એંધાણ કશાં ન વરતાય
નાખી નજર ના પહોંચે આવાસમાં સ્થળકાળ થથરતાં જાય
જીવને જાળવવો શાના આધારપર સમય સરતો જાય - વનવગડામાં.

શમેલા વાયરાનાં શમ્યાં તોફાન બધાં ઝાડવાં જંપી જાય
વેરાતાં ઠેરઠેર પાંખોના ઢગલા હાહાકાર વર્ત્યો જાય
થાક્યાં પાક્યાં અથડાતાં અટવાતાં પાંખોનું પીંજણ થાય - વનવગડામાં.

ઊંચેનીચે ઉતરાણો ઉતરતાં ભોંય પડી પટકાય
જળના અભાવે સિસકારો સૂસવતાં કંઠ શોષાઈ જાય
ભૂખી ધરતીને ભોગ ધરીને પંખીડાં હોમાઈ જાય - વનવગડામાં.

## (૧૧૨) શબરી

આ વનશબરી
દરેક પકવ બોર ચાખે
વીણી હોંશે મધમીઠાં
ફૂલછાબડીમાં નાખે
વસી વનકુટિરે
ખીણેટેકરે ભટકે
સ્વચ્છ સરવરનીરે
દેહને પખાળે
દોડતાં સ્વેચ્છાએ
મૂક વનચરોને
વ્યોમે વિહરતાં
દૂર ખેચરોને
ભાવાર્દ્રનેત્રે ભાળે
ત્યાં અક્ષપ્રતિ ઉકલે
કાળનાં કઠિન પડ
સહસા દડદડ વહે અશ્રુ
ઉરે હિલોળાતી સુભગપળ
અહીં રામ ખચીત આવશે
બોર હોંશે ચાખશે
ને ઊઠે છે એક પ્રશ્ન
આ શબરી
ભદ્ર કે અભદ્ર !



## (૧૧૩) તોરણ લટકે છે

એ ભીનાં સ્મરણોમાં હરદમ ભટકે છે
ભાતીગળ પ્રસંગો નિશદિન ખટકે છે

હું તાકીને ઊભો છું સામા લક્ષ્યાંકો
આ કમાન પરથી તીર છટકે છે

સાવ સમીપ આવી મોત ઘૂઘવે છે
વહેતાં આ વર્ષો ક્યાં અટકે છે ?

એ ઉતરી છે આંખે વહેલા પરોઢે
લો, શરમાળ સમણાં ક્યાં ફટકે છે ?

હવે ઉકલી ગયો છે અવસર નિર્વિઘ્ન
આ માંડવે લીલાંછમ તોરણ લટકે છે

## (૧૧૪) તમે

જીવનનું સાચું હીર છો કે છો ખરું ખમીર તમે
પ્રીતની પણછેથી છૂટેલ છો નયનતીર તમે

વિશ્વાસની ભીની હવા તરવરે તારા શ્વાસમાં
બની ગયાં છો એટલે કોઈનું તકદીર તમે

ખખડાવીને કોણ ચાલી ગયું છે તારાં બારણાં ?
વિવશ ચહેરે એટલે લાગો છો ગંભીર તમે

ખીલવીને બાગ આમ ઉજાડો છો કાં હવે ?
ફૂલડાં ખરી જશે જરા સમજો લગીર તમે

સળવળાવે કોણ રાતે સૂતેલાં આ સમણાંને ?
વિહ્‌વળ આંખની એટલે બની ગયાં તસવીર તમે

વાત લઈને વાયરો વેગે વ્હેતી કરશે વનમાં
અફવાઓના આતંકથી થઈ ગયાં દિલગીર તમે

વેરાન વગડેથી હવે ઉડી ગયાં છે પંખીડાં
એકદિન પાછાં વળશે 'પતિત' હૈયે ધરો ધીર તમે



## (૧૧૫) અમે રચનારા

ઊંચી મહેલાતોમાં સુખે વસનારા
ભૂલી કાં જાઓ ? છીએ અમે રચનારા

બત્રીસ ભોજને થાળીઓ ભરી છે
ખાલીખમ પેટે અમે ફરનારા

સદા નિરાંતે હીંચકે ઝૂલે છે
સૂર્યતેજપુંજે અમે તપનારા

ધનધાનના ભંડારો ભર્યા છે
ખાલી કોઠીઓએ અમે હસનારા

ભીક્ષાખોબો ક્યાં કદી ધર્યો છે ?
હકમાં શિર અપાર અમે ધરનારા

## (૧૧૬) નજરબાણ

નજરનાં બાણ મને વાગ્યાં ઓ, સાહેબા !
કાળજાં કોરી નાખ્યાં ઓ, સાહેબા !

આંખથી સમણાનાં પંખી ઊડી ગયાં
ભરઊંઘે ઝબકીને જાગ્યાં ઓ, સાહેબા !

હોઠથી લાગણીનાં પૂર વછૂટ્યાં
આયખાભર આખાં લાજ્યાં ઓ, સાહેબા !

મધરાતે ટોડલે મોરલા ટહુક્યા
બારેમેઘ ખાંગા ગાજ્યા ઓ, સાહેબા !

અંધારે આંખના દીવા બળે છે
અંગઅંગ ખાસાં દાઝયાં ઓ, સાહેબા !

ભીડતાં ઉરના અકબંધ દરવાજા
કંઠે ઝાઝા ડૂમા લાગ્યા ઓ, સાહેબા !



## (૧૧૭) લીન બને તો સારું કહેવાય

આપણે બંને
સામસામે નજરોનજર મેળવી
એકમેકમાં ઓગળીએ
અતિશય સુંદર ને મોહક
ભિન્નભિન્ન દેહસ્થિત
મૃદુલ ઉભયઉર
એકત્વ પામી
અંત્ય આનંદઅવધિમાં
પુનઃપુનઃ ધબકી
સમપ્રેમરસમાં
પરસ્પર સદૈવ લીન બને તો સારું કહેવાય

## (૧૧૮) હવે મીરાં પાછી કદી નહીં ફરશે

મૂકી દે મેલી મુરાદ ઓ, રાણા ! સત મીરાંનું અંતે તરશે
ધાર શમશેરની બુઠ્ઠી થૈ જાશે, નભે નવલખ તારા ખરશે
હવે મીરાં પાછી કદી નહીં ફરશે
મીરાં વિના આખું રડશે મેવાડ ને રગરગે વ્યાપશે શૂળ
રોમરોમે મીરાં ફૂટી નીકળશે ને ઊડશે અજંપાની ધૂળ
ઝેરના કટોરા તારા અમૃત થૈ જાશે, દરિયો ડૂસકું ભરશે
હવે મીરાં પાછી કદી નહીં ફરશે
મીરાં દુભવીને તું ખાટ્યો શું રાજવી ? મોંઘેરાં ચૂકવવાં મૂલ
રૂવેરૂવે ઊના રજકણ સાલશે ને મીરાં હડસેલ્યાની ભૂલ
એકની બેત્રણ મીરાં થૈ જાશે, અમરાવતી ત્યાં ઉતરશે
હવે મીરાં પાછી કદી નહીં ફરશે
મોહે છટકેલ ને રૂપે ફટકેલ તારાં વાસનાનાં ઉમેટલ પૂરા
ઓતરાદી દિશાથી આવ્યાં છે કહેણ જાવું મીરાંને જોજન દૂર
મીરાં વિના મંદિર સૂનું થૈ જાશે, ભૂખી ભૂતાવળ ત્યાં ફરશે
હવે મીરાં પાછી કદી નહીં ફરશે
મૂકી દે મેલી મુરાદ ઓ, રાણા ! સત મીરાંનું અંતે તરશે
ધાર શમશેરની બુઠ્ઠી થૈ જાશુ, નભે નવલખ તારા ખરશે
હવે મીરાં પાછી કદી નહીં ફરશે



## (૧૧૯) હાઈકુ

(૧) અજ્ઞાનકૂપે
તર્કવિતર્ક નીર
છલબલે છે

(૨) સૂર્યાસ્ત થતો
સાંજે, નિત પ્રભાતે
પૂર્વે ઊગવા

(૩) ઝાકળ જેમ
પર્ણેથી ઉડી ગઈ
તું જીવનના

(૪) ઘટગોળીમાં
ઘૂમે ચિત્તરવૈયો
બ્રહ્મવલોણે

(૫) સૂના ગૃહમાં
માનવપિંડ દીસે
મનવિહીન

(૬) ભરવસંતે
કોકીલા ટૌકે તવ
યાદ ઊભરી

(૭) અર્ધમીંચેલ
આંખે લચે સ્વપન
સાજ સજીને

(૮) વેગથી ઘોડો
ચડે સીધાં ચડાણ
હાંફે બિચારો

(૯) કૂવાના કાંઠે
જોબનવંતી નાર
ભરે છે આંસુ

(૧૦) મધદરિયે
નાવ હાલમડોલ
રૂવે કિનારો

(૧૧) સમી સાંજનો
વ્યોમસરે ડૂબતો
સૂર્ય થથરે

(૧૨) કોડીલી કન્યા
પનઘટે પાયલ
ઝમઝમાવે

(૧૩) ખેતરશેઢે
ઝાકળભીના ઘાસે
પગલી દીપે



(૧૪) અકળખ્યાલે
વર્ષોથી ખોવાયેલ
શોધું છું મને

(૧૫) ઉપવનમાં
પુષ્પપરાગ લુબ્ધ
ભ્રમર ભમે

(૧૬) ધૈર્યવિહીન
આપદ્કાળે નર
ઊણો ઉતરે

(૧૭) સૂના માંડવે
ધૂમ્ર ને લીલાંછમ
તોરણ ઝૂલે

(૧૮) શહેર આખું
શાંતિ ઝંખતું જીવે
અવાજ વચ્ચે

(૧૯) અંધાર પીને
ઊગી પૂર્વમાં સૂર્ય
ઊજાસ રેડે

(૨૦) વડવાનલ
ઊડે જલે ને અબ્ધિ
ગાય છે ગાન

(૨૧) બાવન પાને
ચીપ ચીપતાં ખૂલે
ભેદ ભાગ્યના

(૨૨) તું સ્વપ્ને આવે
સાક્ષાત્ ન પધારે
એથી રૂડું શું ?

(૨૩) માનવખોળે
ચોંટી હેતે માણસ
ગુલાંટ મારે

(૨૪) કુંવારી કન્યા
પિતૃગૃહે એકલી
કાયમ કંપે

(૨૫) સમરાંગણે
મર્દાનગીના ખેલ
જવાન જાચે

(૨૬) પિયરગૃહે
વસતી વહુ વસી
હૃદયગૃહે

(૨૭) ક્ષિતિજે સરે
કામનિવૃત્તિ અર્થે
સૂર્ય પળમાં



(૨૮) કંકણનાદ
કોરે કાળજું કોરું
કોચીકોચીને

(૨૯) નભે ગર્જતો
ચોમેર ખાંગો મેઘ
અતૃપ્ત ધરા

(૩૦) સાસરે જતી
કોડભરી કન્યકા
આંસુ સારે છે

(૩૧) સામે કાંઠે તું
આ કિનારે હું વચ્ચે
અબ્ધિ ઘૂઘવે

(૩૨) ગામ ગોંદરે
વડવડવાઈઓ
શૃંગાર સજે

(૩૩) કોરા કાગળે
વાચ્યાક્ષર અંકાતાં
ગૂઢાર્થ સરે

(૩૪) લાડકવાયો
કોઈનો પ્રેરણા દે
સ્મારકરૂપે

(૩૫) વાંચુ દીવાલે
બંધબારણે બોર્ડ
ભલેપધાર્યા

(૩૬) ચાંદસૂરજ
વારાફરતી વેરે
પ્રકાશપુંજ

(૩૭) અપાર સ્મૃતિ
ઊભરતાં વિરમે
વિસ્મૃતિ અંકે

(૩૮) જિગર ચોરી
તમે શું મેળવશો ?
એ દીધું નથી

(૩૯) જીવન જીવું
ધૂપસળી જેમ હું
જલીજલીને

(૪૦) ખેતરે વાવે
ગઈકાલે કણ ને
લે આજે મણ

(૪૧) રોફ મારતાં
તારો અફલાતૂન
ખોફ ઉતરે



(૪૨) હું આ તરફ
શોધુ એ ખોળે મને
પેલી તરફ

(૪૩) કંકુ પગલે
સાસરે સિધાવતાં
ભાગ્ય ઊઘડે

(૪૪) કૃષ્ણનો પાવો
પંચમસૂર રેલે
થૈ સૃષ્ટિ સ્તબ્ધ

(૪૫) પ્રથમ ફોરે
વર્ષાના પૃથ્વી સ્પર્શે
સોડમ ફૂટે

(૪૬) સમસ્ત વિશ્વ
પ્રેમમહાસાગરે
ડૂબકી મારે

(૪૭) કમાલ કરી
છે ઈશે તને ઘડી
ફાજલસમે

(૪૮) તારા કરતાં
રૂપથી અદકેરી
જગે કોણ છે ?

(૪૯) કોઈ વીરલા
સિધ્ધિ સોપાન સર
કરે સ્વયત્ને

(૫૦) નવદંપતી
ફરે જીવનફેરા
ચોરીના ફેરે

(૫૧) કોઈનું સાંધે
સોયે કોઈનું કાપે
કાતરે રામ

(૫૨) નભે વાદળ
ખારો દરિયો પીને
મિષ્ટ જળ દે

(૫૩) ધબકે કાયા
રુધિરાભિસરણે
ચેતનવંતી

(૫૪) ખેલદિલીથી
સ્પર્ધા ખેલતાં સાચે
હારજીત છે

(૫૫) ઝાંઝવાં પીને
પિપાસુ રેતરણ
તરસ્યું રહે



(૫૬) ભારે ભરોસે
ભીડ ભોગવે ભૂંડી
કહ્યાગરાઓ

(૫૭) સૂર્યાસ્તકાળે
લાલિમા પથરાતી
ક્ષિતિજ ખોળે

(૫૮) પૈસો ખર્ચતાં
પાણી જેમ સસ્તામાં
સોસવું પડે

(૫૯) કાલે શું થશે ?
જોશી જોશ ભાખે તે
સત્યાસત્ય છે

(૬૦) મૃત્યુવિચ્છેદ
શું અનિવાર્ય હશે ?
હરગિજ ના

(૬૧) આપદ્‌કાળે
ભીડ ભાગે તે ભેરુ
શેષ નકામા

(૬૨) આવેલ જગે
ખાલી હાથે સૌ, ખાલી
હાથે જવાના

(૬૩) યત્ને રોપેલ
પ્રેમવૃક્ષ પાંગરી
ફળશે ખરું ?

(૬૪) સ્વયં સિંચેલ
લીલોછમ બગીચો
કાં ઉજાડો છો ?

(૬૫) વિદાયવેળા
વિશેષ વસમી છે
લેખાંજોખાં શાં ?

(૬૬) પ્રેમભીંજેલ
હૈયાં વિખૂટાં પડ્યે
તરફડે છે

(૬૭) ક્યારે મળીશું
પુનઃ ? પળ વહે છે
યાદદાસ્તમાં

(૬૮) સારું નરસું
કર્મ માનવમને
ઉદ્ભવે છે

(૬૯) મામકાઓએ
ખુરસીમાં બેસાડી
ખુરસી ખેંચી



(૭૦) નામનો શો છે
મતલબ ? ધનેશ
તો ભિક્ષુક છે

(૭૧) કોને મળશો ?
રામ બહુનામી છે
જે તાને તેને

(૭૨) રાધા કયાં વસે
ગોકુળ વૃંદાવને
કે કૃષ્ણ ઉરે ?

(૭૩) ન ધણિયાતી
ગાય જેમ જીવું હું
એકલપંડે

(૭૪) સાકી ! શું ફાવે
સંતાકૂકડી ખેલ
જિંદગીભર ?

(૭૫) નયન ઝીલે
નેહ પ્રિયતમનો
અભિન્ન ભાવે

(૭૬) શાયર શેરે
હિલ્લોળે છોળે નીર
સાયરતટે

(૭૭) કેવાં કર્મ છે ?
ખાટલે પડી ખાશે
જિંદગીભર

(૭૮) મોલ લચેલ
ખેતર આખું ટોવે
ચાડિયો ખાંતે

(૭૯) અંધારી રાતે
ગગને સોહે ચાંદ
રૂપ વેરતો

(૮૦) પાઠ ભણાવે
શિક્ષક જીવનના
પુસ્તકમાંથી

(૮૧) શેરીમાં રમે
ઢીંગલો ઢીંગલીના
ખેલ બાળકો

(૮૨) મરજીવાઓ
દરિયે વીણે મોતી
જીવજોખમે

(૮૩) હું કુરૂપ છું
આદર્શ સ્ત્રી બનું જો
સુવર મળે



(૮૪) ઢંકાતાં ગૃહ
નાળફાડથી નેવે
દ્રવે છે નીર

(૮૫) પુણ્યપાપ છે
માનવે આચરેલ
ધર્મવિધર્મ

(૮૬) ચેહ ઠરતાં
નેત્રે સ્મરણ ભીનાં
શાંત સ્મશાને

(૮૭) જન્મમૃત્યુ છે
સમગ્ર જીવનની
અથેતિ હદ

(૮૮) જે વાણીમાં છે
તે સાચો સ્નેહ ક્યાં છે
આચરણમાં ?

(૮૯) એકબીજાને
છળે દુષ્ટ માણસ
શેહશરમે

(૯૦) પરણ્યે રાજી
વરકન્યા જાનૈયા
મિષ્ટાન્ને રાજી

(૯૧) ચોપડી વાંચી
ભણેશરી થાય તો
ચોપડી ખાય

(૯૨) પ્રેમ જલતી
સિગારેટનો ધૂમ્ર
છે અંતે રાખ

(૯૩) જે સાચવે છે
યૌવન તે સાચવે
સર્વજીવન

(૯૪) માનસસરે
ઉલેચાયેલ જ્ઞાન
વેગે વધે છે

(૯૫) અંધારી રાતે
દીપકના ઉજાશે
હું ખોળું તને

(૯૬) થનગનાટે
ગર્દભ ભૂકે જોરે
ભોંયે આળોટી

(૯૭) ઝૂલે તોરણ
લીલાં સૂના માંડવે
ધૂમ્ર શમે છે



(૯૮) પળ પ્રીછીને
પડાવે પહોંચવા
પગલાં પાડે

(૯૯) જળમાં મીન
પેખે ગગને બાજ
ઝબોળાય તો

(૧૦૦) અહં ઓગાળી
દેહદમન કરે
શીદ ન મારો ?

(૧૦૧) કાળી કીકીમાં
તને સદા સાચવી
બંધ નેત્રોએ

*